R.N.I.No. : 11555 / 1966
Vol No. 64 - Issue No. 8

# જ્યોતિપુંજ
## JYOTI PUNJ



Price Rs. 1/-
Total - 44 Pages
November - 2020








## બાલાસિનોરની આસપાસ જોવા-માણવા લાયક અફલાતૂન સ્થળ

(અહેવાલ - પાના નંબર - ૨૧)




સર્વે બાલાસિનોરવાસીઓને નવા વર્ષની શુભેચ્છા

legrand®
LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTOR STOCKIST
matchwell ELECTRIC COMPANY

COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

WHY LEGRAND AT MATCHWELL

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

legrand® Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | DLP - LCS² |
| BRITZY | LYNCUS™ |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

Why 1st Choice ?

* Energy Distribution upto 6300A
* Control and Command
* Voice Data Images
* Active International Presence.
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand®

MATCHWELL ELECTRIC COMPANY
HINDUSTAN TAPEX COMPANY

ADMINISTATIVE SHOP : Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
PHONE : 66336766/ 22080067/ 22063916. TALLKFREE :- 022-39567272 /373
E-mail : matchwellelectric@gmail.com / finematch@hotmail.com

DISPLAY SHOWROOM : Shop-8, Muljijetha CHS Ltd. 191-Princess street, Marine Lines (E), MUMBAI – 400 002
PHONE : 022-39567627/ 022- 49764924/ Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644).
E-mail : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 9320331333).

legrand® BCH LUKER (J.V. LUKER - USA) steelgrip PVC ELECTRICAL INSULATION TAPE
Pidilite WD-40 m-seal® KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૪ | ૮ | ૨૧-૧૧-૨૦૨૦ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

**બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)**
**(જુનાગઢવાળા)**
**જતીન દેસાઈ / પ્રશાંત પરીખ**
**તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ**

પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖


**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
Visit us at www.balasinor.org

# તુલસી

**તંત્રી સ્થાનેથી**

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

(વૈજ્ઞાનિક નામ : Ocimum Tenuiflorum : સંસ્કૃત : તુલસી) લેમિએસી કુળની એક સુવાસિત વનસ્પતિ છે. તુલસી એક ટટ્ટાર, બહુશાખી છોડ છે જે ૩૦ થી ૬૦ સે.મી. ઊંચો હોય છે. તેની ડાળીઓ રોમમય (રૂંવાટીવાળી) હોય છે તથા તેની સામ સામે એક-એક સાદા પાન ઉગે છે જે તીવ્ર ગંધ ધરાવે છે. આના પાન પર્ણદંડ દ્વારા મુખ્ય ડાળી સાથે જોડાયેલા હોય છે અને તેમનો આકાર લંબગોળ હોય છે જે ૫ સે.મી. સુધી લાંબા થાય છે, તે કિનારે થી થોડા ખાંચા પણ હોય છે. તેને આછા જાંબુડી રંગના ઝીણાં ફૂલ આવે છે જે કલગી પ્રકારનાં પુષ્પવિન્યાસમાં હોય છે.

મુખ્ય બે પ્રકારની તુલસીનું ભારતમાં વાવેતર કરાય છે. લીલા-પાંદડાવાળી (રામ તુલસી) અને જાંબુડીયા-પાંદડાવાળી (શ્યામ/કૃષ્ણ તુલસી)

તુલસી સમશિતોષ્ણ પ્રદેશોની મૂળ નિવાસી છે, અને તેનું વાવેતર બહોળા પ્રમાણમાં થાય છે, આ ઉપરાંત છુટા-છવાયા નિંદણ તરીકે પણ ઉગેલી જોવા મળે છે. તુલસીનું વાવેતર ધાર્મિક અને આયુર્વેદિક ઉપયોગ માટે થાય છે, અને તે સુગંધી-તેલ બનાવવા માટે પણ વપરાય છે. દક્ષિણ એશિયામાં આ એક ઘરગુથ્થુ ઓસડ (દવા) તરીકે તથા હર્બલ ચા બનાવવા માટે વ્યાપક પ્રમાણમાં પ્રચલિત છે, આ ઉપરાંત આયુર્વેદમાં પણ બહોળા પ્રમાણમાં વપરાતી ઔષધી છે. વળી વૈષ્ણવ સંપ્રદાયમાં તેનું ખૂબ મહત્વ છે, જેમાં ભક્તો તુલસીનાં છોડની પૂજા કરે છે અને તેના પાનનો ઉપયોગ પણ અનેક પ્રકારે પુજાવિધિમાં થતો હોય છે.

ઘા રુઝવવાના તુલસીના ગુણને કારણે તુલસી હજારો વર્ષોથી આયુર્વેદમાં વપરાતી આવી છે. ચરકે



# જે. જે. શ્રી ગોકુલેશ



# LALSON

MFG OF ELECTRICALS, ENGINEERING & FABRICATION PRODUCTS



CONTROL PANEL ACCESSORIES
BUSH & SHEET METAL WORKS
FABRICATION WORKS

lalson ®

FIBER MOULDING WORKS(FRP)
PLASTIC MOULDING
BAKELIT MOULDING

**Bhadresh Lalchand Mody.**
**+91 98693 59912**

**Bhavik Bhadresh Mody**
**+91 98213 72989**

Head Off:- A1/A2, Buildnig No :-3, Manisha Industrial Estate, Palghar Boisor Road, Palghar (west), 401404.
Tel: - 02525-250218, Mobile: +91 90221 66973, +91 93226 53868
Email:- lalsonindia@gmail.com, saleslalson@gmail.com

**PLASTIC & BAKELITE WORK**
Unit 1:- 14/15, Manisha Industrial Estate, Palghar Boisor Road, Palghar(west)

**FIBER MOULDING WORK**
Unit 2:- C1/C2, Diamond Industrial Compound, Kaman, Vasai(east)

**CONTROL PANEL ACCESSORIES**
Unit 3:- 33, Bombay Talkies Compound, opp Goodluck Transport, Malad(west).


સ્વ. સવિતાબેન રમણલાલ પરીખ (લહાપારેખ) ના જે જે શ્રી ગોકુલેશ

આયુર્વેદનાં પ્રાચિનતમ ગ્રંથ ચરક સંહિતામાં તેનો ઉલ્લેખ કર્યો છે. તુલસીને બળપ્રદાયી ગણાય છે, જે શરીરની વિવિધ પ્રક્રિયાઓમાં સમતોલન લાવે છે અને તણાવનો સામનો કરવામાં મદદ કરે છે. તેની તીવ્ર સુંગધ અને તીખા સ્વાદને લીધે તેને આયુર્વેદમાં રામબાણ જીવન ઔષધી તરીકે મનાય છે અને તે દીર્ઘ આયુષ્ય આપે છે એમ કહેવાય છે. તુલસીના અર્કનો ઉપયોગ આયુર્વેદમાં સામાન્ય શર્દી, માથાનો દુઃખાવો, પેટની તકલીફો, સોજા, હૃદયના દર્દ, ઝેર વિકાર અને મલેરિયામાં કરવામાં આવે છે. પારંપારિક રીતે તુલસી વિવિધ રીતે ગ્રહણ કરવામાં આવે છે. ઉકાળા તરીકે, સુકા ચૂર્ણ તરીકે, તાજા પાંદડા કે ઘી સાથે મેળવીને. તેમાં જીવાણું-નાશક (એન્ટિ-બેક્ટેરિયલ) ગુણધર્મને લીધે તેને ત્વચા રોગના ઔષધોમાં વપરાય છે. સદીઓથી તુલસીના સુકાવેલા પાંદડાને અનાજમાંથી જીવડા (ધનેરા વગેરે) ને દૂર રાખવા માટે વપરાય છે.

હાલના સંશોધનોમાં જણાયું છે કે તુલસી તેનામાં વિપુલ પ્રમાણમાં રહેલા યુજીનોલ (Eugenol : 1-hydroxy, 2-methoxy, 4-allylbenzene) ને કારણે એમ માનવામાં આવે છે કે આધુનિક દર્દનાશક (painkiller) દવાઓની માફક કદાચ COX-2 અવરોધક હોય. એક અભ્યાસમાં જણાવ્યું છે કે તુલસી લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ ઘટાડીને ડાયાબિટીસના ઈલાજમાં મદદ કરે છે. આ જ અભ્યાસમાં એ પણ દર્શાવવામાં આવ્યું છે કે તુલસી વાપરવાથી કોલેસ્ટ્રોલના સ્તરમાં દેખીતો ઘટાડો થયો. એક અન્ય અભ્યાસમાં જણાયું કે તેનામાં રહેલા એન્ટી-ઓક્સિડન્ટ ગુણધર્મને કારણે લોહીમાં ગ્લુકોઝના સ્તરની જાળવણીમાં ફાયદો થાય છે.

કીરણોત્સર્ગ (રેડીએશન) થી થયેલા વિકારો અને મોતિયા (મોતિબિંદુ) ઉપર પણ તુલસી ફાયદાકારક સાબિત થઈ છે. ડૉ. પંકજ નરમ કહે છે કે પશ્ચિમના દેશોમાં તેણે ૨૦ વર્ષમાં ૨૦૦૦૦ બ્રેસ્ટ કેન્સરના કેસો આયુર્વેદથી સારા કર્યા છે. ત્યાં જોવા મળ્યું છે કે મેકડોનાલ્ડઝના જંક ફૂડ, પિત્ઝા અને બીજા ચરબીવાળા ભોજનની ટેવને કારણે ત્રિદોષ વકરે છે. તે માટે ત્રિદોષહરની આયુર્વેદની દવા આવે છે પણ સૌથી વધુ અસરકારક અસર તુલસી કરે છે. સાદો આહાર રાખીને આયુર્વેદની ટ્રીટમેન્ટ સાથે રોજ સવારે તુલસીનાં સાત પાન ચાવી જવાં. પછી રોજ સંખ્યા વધારીને ૧૦ પાન ખાવાથી કેન્સર જલદી સારું થાય છે.

તુલસીમાં અમુક ખાસ રાસાયણીક તત્વો આ પ્રમાણે છે : ઓલોનોલીક એસિડ, અર્સોલીક એસિડ, રોસમેરીનીક એસિડ, યુજીનોલ, કાર્વાક્રોલ, લીનાલુલ અને બીટા-કેરીઓફાયલીન.

હિંદુ ધર્મમાં તુલસી જેનો સંસ્કૃત અર્થ થાય છે ‘અદ્વિતીય’, તેની સંપૂર્ણ ભારતવર્ષમાં પૂજા કરવામાં આવે છે. તે મોટે ભાગે વિષ્ણુની પત્નીનાં રૂપે ઓળખાય છે. હિંદુ ધર્મમાં બે પ્રકારની તુલસી પુજાય છે. ‘રામ તુલસી’ જેને આછા લીલા પાંદડા આવે છે જે કદમાં મોટા હોય છે અને ‘કૃષ્ણ તુલસી’ જેને ઘેરા રંગના પાંદડા આવે છે આ પાંદડા વિષ્ણુની પુજા માટે મહત્વના છે.

ઘણાં હિંદુઓ પોતાના ઘરની બહાર તુલસી ક્યારીમાં તુલસી રોપે છે, વિષ્ણુ મંદિરોમાં તુલસી સવિશેષ જોવા મળે છે અને ઉગાડવામાં આવે છે. વારણસીમાં તો ખાસ તુલસી વિવાહ નામના એક ઉત્સવમાં હિંદુ પંચાંગના કારતક મહિનાની સુદ એકાદશીના દિવસે વિધિવત તુલસીના છોડને વિષ્ણુ સાથે પરણાવવામાં આવે છે. આ દિવસે વિવાહ-લગ્ન આદિ શુભ કાર્ય માટે અશુભ ગણાતા ચાતુર્માસનો પણ અંત આવે છે. આ વિવાહ સાથે ભારતમાં લગ્નની મોસમનો પ્રારંભ થાય છે. કારતક મહીનામાં દીવા પ્રગટાવવાની પ્રથા સાથે તુલસીની પણ પૂજા કરાય છે અને તેને શુકનવંતી મનાય છે. વૈષ્ણવો ખાસ કરીને કારતક માસમાં તુલસીની દરરોજ પૂજા કરતાં હોય છે.

તુલસીના લાકડા (થડ) માંથી બનેલા મણકાની માળા વૈષ્ણવો જપ માટે રાખે છે અને આવા જ ઝીણા

Mr. BHARAT K. DOSHI
98210 27136

BHS

# BINITA HARDWARE STORES

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS, ANCHOR FASTENERS, ALLEN BOLTS, "U" BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9280, Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

Mr. PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

"Leads you to The Quality Era"

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :
306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail : sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in

BHIWANDI :
AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.

**BRANCHES :**
**Bangalore | Chennai | Gurgaon | Hyderabad | Kolkata**

Merlin Gerin / Square D / Telemecanique
CONZERV® Smart Energy Management
MEHER
LEIPOLD
CLIPSAL®
DIGILINK®
APC by Schneider Electric
LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**

મણકાઓની બનેલી તુલસી માળા (કંઠી) ગળામાં પણ પહેરે છે. આ માળા પહેનારને કૃષ્ણ કે વિષ્ણુ દ્વારા સંરક્ષિત મનાય છે. તુલસી અને વૈષ્ણવોનો એવો સંબંધ છે કે વૈષ્ણવોને ગળે તુલસીની માળા પહેરનાર તરીકે ઓળખાય છે.

**શ્રી તુલસી વંદના**

**વૃન્દાયૈ તુલસીદેવ્યૈ પ્રિયાયૈ કેશવસ્ય ચ ।**
**કૃષ્ણભક્તિપ્રદે દેવિ, સત્યવત્યૈ નમો નમ : ।।**

## -: તુલસીના છે અતુલ્ય લાભ :-

વિષ્ણપ્રિયા, સુરસા, વૃંદા જેવા અનેક નામોથી ઓળખાતી તુલસીને આપણી સંસ્કૃતિમાં અત્યંત પવિત્ર માનવામાં આવી છે. ચરણામૃત, પંચામૃત હોય કે પછી ભગવાનને ધરાવાતો ભોગ, તેમાં તુલસીનું સ્થાન આગવું છે. તુલસી અનેક ઔષધિય ગુણો ધરાવે છે. તે જંતુધ્ન છે તે ઉપરાંત તે એન્ટીઓક્સિડન્ટ, એન્ટીવાયરલ, એન્ટીબેક્ટેરીયલ, એન્ટીઈન્ફલેમેટરી ગુણધર્મો ધરાવે છે. તુલસી લીવરના કાર્યને સુધારે છે. તે શરીરનું મેટાબોલીઝમ, એન્ટી ટોક્સિફિકેશન, ઈમ્યુનીટી જેવા ઘણા જૈવરાસાયણિક કાર્યો સુધારે છે. તે શરીર માટે નુકશાનકારક કોલેસ્ટોરોલ ઘટાડવામાં પણ મદદ કરે છે.

તુલસી વિકૃત કફ અને વિકૃત વાયુ દૂર કરે છે. તુલસીનાં ઉપયોગથી શ્વાસ, ખાંસી, સળેખમ, શરદી, ઉલટી, અપચો, કૃમિ, હેડકી, ત્વાચા રોગ જેવા રોગોમાં ફાયદો થાય છે. શિયાળામાં આદુ અને તુલસીની ચ્હા પીવાથી શરદી-સળેખમથી બચી શકાય છે. તુલસીની ચ્હાનાં નિયમિત પ્રયોગથી શ્વાસની દુર્ગંધ, ગળાનું ઈન્ફેકશન, દાંતનો સડો જેવા રોગમાં પણ ફાયદો થાય છે. રોજ તુલસીના આઠ થી દસ પાન ચાવીને ખાવાથી પાયોરિયા થવાનું જોખમ ઘટી જાય છે અને પાચન સુધરે છે. જોકે, તેના વધુ પડતા સેવનથી પિત્તની વૃદ્ધિ થાય છે માટે તેનું સેવન નિયમ માત્રામાં કરવું.

પ્રત્યેક સદ્‌ગૃહસ્થના ઘરના આંગણામાં તુલસીનો છોડ રોપેલ હોય છે. આ હિંદુ પરિવારની એક વિશેષ ઓળખ છે. સ્ત્રીઓ તુલસીના છોડની પૂજા કરીને પોતાના સૌભાગ્ય તથા વંશની સમૃદ્ધિની રક્ષા કરે છે. રામ ભક્ત હનુમાનજી જ્યારે સીતામાતાની શોધમાં લંકા ગયા ત્યારે તેમને એક ઘરના આંગણામાં તુલસીના છોડનું કુંડું જોવા મળ્યું.

**रामायुध अंकित गृह, शोभा बरनि न जाए ।**
**नव तुलसिका वृंद तंह, देखि हरष कपिराय ।।**

અર્થાત અતિ પ્રાચીન પરંપરા પ્રમાણે સદ્ ગૃહસ્થ પરિવારમાં તુલસીનું પૂજન થાય છે. જેમને સંતાન નથી હોતા તેઓ પણ તુલસી વિવાહ કરાવે છે. તુલસી પત્ર ચઢાવ્યા વિના શાલિગ્રામની પૂજા નથી થતી. વિષ્ણુ ભગવાનને શ્રાદ્ધ ભોજનમાં, દેવપ્રસાદ, ચરણામૃત, પંચામૃત વગેરેમાં તુલસીદલ હોવું આવશ્યક છે. અન્યથા તે પ્રસાદ દેવતાઓને ચઢાવવા યોગ્ય નથી હોતો. તુલસી પત્ર વિના ભોજન અધુરું છે. મરતા પ્રાણીને અંતિમ સમયે ગંગાજળ તથા તુલસી પત્ર આપવામાં આવે છે. તુલસીના છોડ જેવો અન્ય કોઈપણ ધાર્મિક માન્યતા વાળો છોડ નથી.

આ બધી ધાર્મિક માન્યતાઓ પાછળ એક વૈજ્ઞાનિક કારણ પણ છુપાયેલું છે. તુલસી એક દિવ્ય ઔષધિ છે તથા કસ્તૂરીની સમાન એકવાર મૃત પ્રાણને જીવિત કરવાની ક્ષમતા ધરાવે છે. તુલસીમાં એવાં ગુણો છે કે જે કેન્સર જેવા અસાધ્ય રોગોને પણ ઠીક કરી શકે છે. આયુર્વેદ ગ્રંથોમાં તુલસીની મહિમા વર્ણિત છે. તુલસીપત્ર ઉકાળીને પીવાથી સામાન્ય જ્વાર, તાવ, ખાસી તથા મલેરિયા જેવા રોગથી તત્કાળ રાહત મળે છે. તુલસીના પાનોમાં સંક્રામક રોગોને રોકવાની અદ્‌ભુત શક્તિ છુપાયેલી છે. પ્રસાદ પર તુલસી પત્ર રાખવાથી પ્રસાદ વિકૃત નથી થતો. પંચામૃત કે ચરણામૃતમાં તુલસી પત્ર રાખવાથી પંચામૃત અને ચરણામૃત ખરાબ નથી થતા.

તુલસીમાં એક વિશેષ પ્રકારની સુવાસ હોય છે.


SHAH & SHAH ENTERPRISE
1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.
022 - 2201 7283
info@shahent.co.in
www.shahent.co.in
+91-98198 17568 / 98670 13920
Lohar Chawl Talk Free Extension – *743
Authorized Stockists:
MERSEN
Expertise, our source of energy
Solar PV Fuse
Time Delay Fuse
Midget Fast-Acting Fuse
UltraSafe™ FuseHolder
Protistor fuse (all sizes)
BS Semiconductor fuse
Semiconductor
SPDs
D-Link
Building Networks for People
CAT5E
CAT6
CAT6A

જેનાથી વિષધર સાપ નજીક નથી આવતા. તુલસીના આવા અનેક ઔષધીય ગુણોને કારણે જ એની પૂજા કરવામાં આવે છે.

## -: તુલસી વિવાહ :-

### કેવી રીતે બની વૃંદા આપણા આંગણાની તુલસી. જાણો પૂરો ઈતિહાસ.

કારતક મહિનામાં એકાદશીના દિવસને તુલસી વિવાહના રૂપમાં ઉજવવાની એક પ્રથા છે. આ દિવસે તુલસીજીના વિવાહ ભગવાન વિષ્ણુ સાથે થાય છે. એક માન્યતા મુજબ તુલસીજીએ આ દિવસે ભગવાન વિષ્ણુ સાથે લગ્ન કર્યા હતા કારણ કે આ દિવસે ભગવાન વિષ્ણુ ચાર મહિના પછી ગાઢ નિંદ્રામાંથી જાગે છે. તુલસી ભગવાન વિષ્ણુને ખૂબ જ પ્રિય છે. તુલસીનું એક નામ વૃંદા પણ છે. તો ચાલો આપણે જાણીયે વૃંદામાંથી તુલસી બનવાનો સંપૂર્ણ ઈતિહાસ.

પૌરાણિક માન્યતા અનુસાર, રાક્ષસના કુલમાં એક કન્યાનો જન્મ થાય છે એનું નામ વૃંદા રાખવામાં આવે છે. વૃંદા બાળપણ થી ભગવાન વિષ્ણુની પરમ ભક્ત હતી અને હંમેશા તેમની ભક્તિમાં લીન રહેતી હતી. જ્યારે વૃંદા લગ્ન માટે લાયક બની ત્યારે તેમના માતા-પિતા એ તેમના વિવાહ સમુદ્ર મંથનમાંથી ઉત્પન્ન થયેલા જલંધર નામના રાક્ષસ સાથે કરી દીધા. વૃંદા ભગવાન વિષ્ણુની પરમ ભક્ત સાથે સાથે એક ધાર્મિક સ્ત્રી પણ હતી જેના કારણે તેના પતિ જલંધર વધુ શક્તિશાળી બન્યા.

જલંધર જ્યારે પણ યુધ્ધ પર જતો ત્યારે વૃંદા પૂજા અર્ચના કરતી. વૃંદાની ભક્તિને કારણે કોઈપણ જલંધરને મારી શકતું ન હતું. જલંધરે દેવતાઓ પર યુદ્ધ કર્યું. બધા જ દેવતાઓ જલંધરને મારવામાં અસમર્થ સાબિત થઈ રહ્યા હતા. જલંધરે બધા દેવતાઓને હરાવી નાખ્યા હતા. પછી બધા દેવતાઓ દુઃખી થઈને ભગવાન વિષ્ણુ જોડે જાય છે અને જલંધર નામના રાક્ષસનો આતંક સમાપ્ત કરવા માટે પ્રાર્થના કરવા લાગે છે.

પછી ભગવાન વિષ્ણુ પોતાની માયાથી જલંધરનું સ્વરૂપ ધારણ કર્યું અને વૃંદાના પતિવ્રત ધર્મને નષ્ટ કર્યું. આનાથી જલંધરની શક્તિ નબળી પડી અને તે યુદ્ધમાં માર્યો ગયો. જ્યારે ભગવાન વિષ્ણુની યુક્તિ વિષે વૃંદાને ખબર પડી ત્યારે તેમણે ભગવાન વિષ્ણુને એક પથ્થર બનવા માટે શ્રાપ આપ્યો. ભગવાન વિષ્ણુને પથ્થરના બનેલા જોઈ બધા દેવી-દેવતાઓમાં હાહાકાર મચી ગયો. પછી માતા લક્ષ્મીએ વૃંદાને પ્રાર્થના કરી ત્યારે વૃંદા એ જગતના કલ્યાણ માટે પોતાનો આપેલો શ્રાપ પાછો લઈ લીધો અને પછી પોતે જલંધરની સાથે સતી થઈ ગઈ પછી એમના શરીરની રાખમાંથી એક નાનું વૃક્ષ પ્રગટ થયું જેને ભગવાન વિષ્ણુએ તુલસી નામ આપ્યું અને ભગવાન વિષ્ણુએ કહ્યું કે આજથી હું તુલસી વગર પ્રસાદ ગ્રહણ નહીં કરું અને આ પથ્થરને શાલિગ્રામ ના નામે થી તુલસીજી સાથે જ પૂજવામાં આવશે. માટે જ કાર્તિક મહિનામાં તુલસીજીના શાલિગ્રામ સાથે વિવાહ પણ કરવામાં આવે છે.

– શાસ્ત્રોના આધારે

Yoga By Bankim Parikh
ONLINE YOGA SESSIONS
CONNECT WITH YOUR SOUL
❐ Pranayam
❐ Aasanas
❐ Power Yoga
❐ Surya Namaskar
❐ Stretching
❐ Other Kriyas
❐ Meditation
❐ Relaxation & Shavasan
❐ Knowledge Sharing

**Batch 1** : Mon to Fri - 7 am to 8 am
**Batch 2** : Mon - Wed - Fri - 4.30 pm to 5.30 pm
Bankim : 9820434322
Shachi : 8097779825
RELEASE YOUR MIND AND BODY

|| Shree Ganeshay Namah ||

Dipesh Desai : 9821115849
8850333537

SERVING SINCE 1989

Harsh Desai : 7977911412
9819158669

# TRADE LINK

Authorised Channel Partner : AJMERA | HENSEL | WALTHER | HPL | COOLEX

AJMERA
Marine Light Fittings & Switchgears

Marine Switchegears,
Marine Light Fittings,
Industrial Switchgears and Panel.

walther
Electrotechnical Systems

Plugs, Sockets,
Interlock Switch Socket,
Socket with MCB Provision

HENSEL
PASSION FOR POWER

Junction Boxes (IP 55/65/66/67/68),
MCB Boxes, Cable Drums,
Pole Boxes, Glands.

HPL

Change Over Switch
ATS, ACB, Contactor,
HRS Fuse Link,
MCCB, Relays.

COOLEX®
a smart LED innovation

LED Light Fixtures

**Sales Off. :** Room No. 20, 2nd Floor, Ajmera House, 63/67, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
H. O. : 21-B, 1st Floor, Sardar Griha Bldg., 198, Lokmanya Tilak Marg, (33 Lohar Chawl), Mumbai - 400 002.
**Phone :** 4005 5849 / 3956 7231 / 6631 0540 • **E-mail** : tradelink1967@gmail.com, tradelink_90@yahoo.co.in

**Website : www.tradelinkindia.net**

# સારા વાંચન થી સારા વિચારો - જીવન સારું બને

✍ કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)

રાસાયણિક પ્રક્રિયા પ્રમાણે જુઓ તો દરેક વસ્તુ કોઈ બીજી વસ્તુના કોમ્બિનેશથી જ ત્રીજી વસ્તુનું રુપ લે છે અને આપણું શરીર વિવિધ કેમિકલ્સના લીધે આગળ ધપે છે અને વસ્તુ પેદા થાય છે. આ વિજ્ઞાનનો નિયમ છે.

પૃથ્વી હોય કે પર્યાવરણ, મનુષ્ય હોય કે પ્રાણી, પહેરવેશ હોય કે પ્રથા, દરેક વસ્તુ કોઈક ને કોઈક કોમ્બિનેશનને કારણ જે પરિણામમાં પ્રવર્તે છે અને સારા દિવસ લઈને આવે છે.

તેમ જ સંસાર પણ દરેક વસ્તુના સારા કોમ્બિનેશનથી આગળ વધે છે જેમ કે જેવુ અન્ન એટલે કે આહાર એવો વ્યક્તિનો વ્યવહાર.

માટે જ વિદ્વાનો કહે છે કે સારુ વાંચન, સારા વિચાર, સારો સંસાર. વાંચનને સાથે સારા વિચારો વિદ્વાનોના સાંભળવા.


આપણે હમણાં જ નવરાત્રિ પસાર કરી તેથી નવરાત્રિની સામાન્ય વ્યાખ્યા એ કે નવ દિવસ સુધી રોજ રાત્રે રાસ રમવા મળે અને જાગવા મળે પણ આધ્યાત્મિક રીતે તેનું મહત્વ જુદુ જ છે. નવ દિવસ માતાજીના નવે નવ સ્વરૂપની આરાધના. નવ સ્વરૂપ અનોખા નામને સમજવાનો મોકો મળે. તે નવ સ્વરૂપ કઈ રીતે મનાય છે.

- **દિ.૧ - શૈલુપુત્રી** - દેવી પાર્વતી શક્તિ સ્વરૂપ મનાય છે.
- **દિ.૨ - બ્રહ્મચારીણી** - જેમા તે અંતિમ સત્ય સુધી પહોંચવા માટે તપસ્યા કરે છે.
- **દિ.૩ - ચંદ્રઘંટા** - માતા દુર્ગાનો અવતાર છે જે વૈષ્ણોદેવીમાં પૂજાય છે.
- **દિ. ૪ - કૃષ્માનદા** - સિંહ પર બેસે છે. તેમના ૮ હાથમાં ૭ પ્રકારના શસ્ત્રો ધરાવે છે.
- **દિ.૫ - સ્કંદ માતા** - આ દેવિ અગ્નિથી આવી છે અને જ્ઞાન અને ડહાપણ માટે છે.
- **દિ.૬ - કાત્યાયની** - યમુના નદીના કાંઠે ઋષિપુત્રી તરીકે જન્મ લઈ ભગવાન શ્રીકૃષ્ણ સાથે લગ્ન કર્યા.
- **દિ.૭ - કાલરાત્રી** - માનવજાતીનું રક્ષણ કરનારા અને અસુરોને નાશ કરનારા.
- **દિ.૮ - મહાગૌરી** - ઘરની દેવી પરિવારને શાંતિ, અન્ન અને સમૃદ્ધિ આપે છે.
- **દિ.૯ - સિદ્ધિદાત્રી** - સ્ત્રી દેવીનું અંતિમ સ્વરૂપ છે. જેની પૂજા અન્ય તમામ દેવો દ્વારા કરવામાં આવે છે. ભગવાન શિવનું અર્ધ શરીર છે.

સમજણ અને જ્ઞાનની આપ-લે કરો તો દરેક મુંઝવણમાંથી મારગ મળે અને એ જ આપણો હેતુ છે. આ સમજવા ધર્મ, કુળ અને જાતને પ્રાથમિકતા આપી શકાય છે.

બ્રહ્માંડને નકારાત્મક ઉર્જાથી બચાવવા શક્તિ, સાહસ અને જ્ઞાનનું પ્રતિક માનવામાં આવે છે. નવરાત્રીના તહેવાર અને સત્યનો અસત્ય પર વિજયનું પ્રતિક માનવામાં આવે છે. તેમાં ધારણ કરેલા વિવિધ શસ્ત્રોનું પણ આગવું મહત્વ છે.

- **સિંહ :** સાહસ, લાલચ, ઈર્ષા, સ્વાર્થ, અહંકાર જેવી અનિયંત્રિત ઈચ્છાઓનું પ્રતિક છે. તેથી આપણે ઈચ્છાઓ, આવશ્યકતાઓ અને ભાવનાઓને નિયંત્રિત કરીને સાહસ સાથે આગળ વધવું જોઈએ.
- **લાલ સાડી :** આક્રોશનું પ્રતિક છે. દુષ્ટો વિરુદ્ધ માનવ જાતિની રક્ષા કરવાની તેમની ભાવનાનું પ્રતિનિધિત્વ કરે છે.
- **શંખ :** શંખધ્વનિ જ્યારે ગુંજે છે ત્યારે ધરતી, આકાશ અને પાતાળમાં દૈત્યોને ભય પેદા થતો હતો.
- **ચક્ર :** ભગવાન આ ચક્ર જાતે તેમના ચક્રથી ભક્તોની રક્ષા માટે ઉત્પન્ન કર્યું હતું.


METACOLOR
METACOLOR
[GALVANISED COLOUR COATED SHEETS]
Mfg by : ESSAR STEEL INDIA LTD. - PUNE.
APPLICATIONS
ROOFING & CLADDING FOR
INDUSTRIAL PROJECTS, HOTELS, FARM HOUSES & BUNGALOWS
BISON PANEL
[CEMENT BONDED WOOD PARTICLE BOARD]
APPLICATIONS
PARTITIONS, FALSE CEILING, MEZZANINE FLOOR, WALL CLADDING,
WALL PANELING, SITE CABIN, PREFAB HOUSES & TRANSIT CAMPS
Authorised Dealers / Distributors
Ralson International
Office: 401, Akruti Arcade, J. P. Road, Opp. Wadia School, Andheri (West), Mumbai - 400 058
Tel.: 022-66937019 / 65005943 • Telefax: 66937020
Rahul Dharia - 98200 59457 • Rohan Dharia: 98200 59487 • Email: ralson@bom5.vsnl.net.in

- **તલવાર :** નકારાત્મક અને ખરાબ ગુણોને અલગ કરવા જેથી વ્યક્તિ તેની ખરાબ આદતોને છોડીને સારા ગુણો અપનાવવા અને સાથે જ અન્યાય સામે લડવું જોઈએ.
- **કમળનું ફૂલ :** પવિત્રતા અને વૈરાગનું પ્રતીક છે. શીખવે છે કે કીચડવાળા પાણીમાં રહેવા છતાં કમળ શુધ્ધ રહે છે. આપણે કઠીન સમયમાં પણ કમજોર ન પડવું જોઈએ.
- **ત્રિશૂલ :** સાહસ અને વીરતાનું પ્રતિક છે. સ્થિતિ ભલે ગમે તેટલી વિકટ હોય આપણે ક્યારેય આશા છોડવી જોઈએ નહીં. જીવનમાં આવતી સમસ્યાથી દૂર ભાગવાને બદલે મજબૂત બનીને તેનો સામનો કરવો જોઈએ.
- **ધનુષ્યબાણ :** દઢતાનું પ્રતીક છે. સમસ્યાઓમાં પણ સત્યને વળગીને રહેવું જોઈએ. ચરિત્ર ક્યારેય ગુમાવ્યા વગર ક્યારેય ખોટો નિર્ણય લેવો જોઈએ નહીં.
- **સાપ :** મૃત્ય નિશ્ચિત છે. વિનાશકારી સમયની સુંદરતા અને સત્યનું પ્રતિનિધિત્વ કરે છે.
- **કુહાડી :** અસુરો સામે યુદ્ધમાં તલવાર અને કુહાડી ઉપયોગી.
- **ઘંટા :** ઘંટના ભયંકર અવાજથી અસૂરને મૂર્છિત કરી સંહાર કરવા ઉપયોગી.
- **દંડ :** યુધ્ધ ભૂમિમાં ધરતી પર રગદોળ્યાનું કામ કરે છે.
- **વ્રજ :** વ્રજ અત્યંત શક્તિશાળી અને તેના પ્રહારથી મેદાન છોડીને ભાગી છૂટવામાં મદદ કરે છે.

દરેક ઉત્સવ અને તેના ઉપયોગી પ્રતિકોનો મહિમા આજના વૈજ્ઞાનિક યુગમાં દરેક મનુષ્યને વિવિધ જ્ઞાનની રુચી અપાવે છે. જ્ઞાનમાર્ગ, ભક્તિમાર્ગ ને સહજ અને સરળ બનાવે છે.

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# દાનની નામાવલી

- શ્રી દિલીપભાઈ રસીકલાલ પરીખ (રાઠોડીયા) હસ્તે - શ્રીમતી ચક્ષુબેન દિલીપભાઈ ધારીઆ તરફથી રૂા. ૧૧,૦૦૦/- નું માતબર દાન કોવીડ રીલીફ ફંડ યોજના હેઠળ પ્રાપ્ત થયું છે.
- શ્રીમતી મીનાક્ષીબેન રાજેન્દ્ર દેસાઈ તરફથી રૂા. ૧૧,૦૦૦/- કોવીડ રીલીફ ફંડ માટે પ્રાપ્ત થયા છે.
- શ્રી નિરવ દિનેશભાઈ કડકીઆ (લટકારી) તરફથી રૂા. ૧૦,૦૦૦/- કોવીડ રીલીફ ફંડ માટે પ્રાપ્ત થયા છે.
- શ્રીમતી નિકીતા ભાવેશ મોદી (ઠાસરાવાલા) તરફથી રૂા. ૫,૦૦૦/- કોવીડ રીલીફ ફંડ માટે પ્રાપ્ત થયા છે.
- એક શુભેચ્છક તરફથી રૂા. ૨૫,૦૦૦/- નું માતબર દાન કોવીડ રીલીફ ફંડ માટે પ્રાપ્ત થયું છે.
- લાયન્સ ક્લબ ઓફ બાલાસિનોર તરફથી રૂા. ૨૫,૦૦૦/- કોવીડ રીલીફ ફંડ માટે પ્રાપ્ત થયા છે.
- કાંતીલાલ મગનલાલ શાહ (ઝાટ) હસ્તે - શ્રીમતી સુનિતાબેન અતુલભાઈ શાહ તરફથી રૂા. ૧૧,૦૦૦/- કોવીડ રીલીફ ફંડ માટે પ્રાપ્ત થયા છે.
- શ્રીમતી રેશમાબેન ભરત કડકીઆ તરફથી રૂા. ૧૫,૦૦૦/- નું માતબર દાન પ્રાપ્ત થયું છે.
- શ્રીમતી સુશીલાબેન ભીખાલાલ કડકીઆ (વલ્લભઘેલા) તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/- નું માતબર દાન સ્વાસ્થ્ય સહાય માટે પ્રાપ્ત થયું છે.
- શ્રી ગોપાલભાઈ ચીમનલાલ કડકીઆ (ઓટલાવાલા) તરફથી રૂા. ૧,૧૧,૧૧૧/- નું માતબર દાન મેડીકલેમ યોજના માટે પ્રાપ્ત થયું છે.

સંઘ સર્વે કુટુંબોનો હૃદયપૂર્વક આભાર માને છે.

**મંત્રી - ભાવેશ મોદી** **પ્રમુખ - સૌમીલ મોદી**

# SWETA ELECTRIC CORPORATION

**71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002**

**TEL NO.: 22087171 / 22088662 / 65207269**


**Email: sweta@xlelectricals.com**

**PRAFUL SHAH : MOB: 98339 25359**

## AUTHORISED DEALERS

dowell's®

AN ISD 9001 - 20001 CERFIED CO



BRASS CABLE GLANDS



LAUG AND TOOLS

# ગિરનાર અને રોપ -વે

✍ **નિલેષ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)**

ગિરનાર પર્વત એ ભારત દેશનાં પશ્ચિમ ભાગમાં આવેલ ગુજરાત રાજ્યનાં જુનાગઢ શહેરથી પાંચ કિલોમીટર ઉત્તરે આવેલ પર્વતોનો સમૂહ છે. જ્યાં સિધ્ધ ચોરાસીનાં બેસણાં છે. આ પર્વતમાં પાંચ ઉંચા શિખરો આવેલા છે. જેમાં ગોરખ શિખર ૩૬૦૦, અંબાજી ૩૩૦૦, ગૌમુખી શિખર ૩૧૨૦, જૈન મંદિર શિખર ૩૩૦૦ અને માળી પરબ ૧૮૦૦ ફુટની ઉંચાઈઓ ધરાવે છે. જેથી ગિરનાર પર્વત ગુજરાતનો પણ ઉંચામાં ઉંચો પર્વત છે. ગિરનારના પાંચ પર્વતો પર કુલ થઈને ૮૬૬ મંદિરો આવેલા છે. પત્થરોનાં બનાવેલ દાદરા અને રસ્તો એક ટોચ પરથી બીજી ટોચ પર લઈ જાય છે. એવું કહેવાય છે કે કુલ ૯,૯૯૯ પગથિયા છે, પણ ખરેખર કદાચ ૮,૦૦૦ પગથિયા છે.

હિંદુ ધર્મમાં શ્રધ્ધાળુઓ માને છે કે ઉઘાડા પગે ગિરનારનાં પગથીયા ચઢવાથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. ગિરનાર ગુજરાતનાં ધાર્મિક સ્થળોમાંનું એક છે જે હિંદુ ધર્મ અને જૈન ધર્મના લોકો માટે મહત્ત્વનું યાત્રાધામ છે.

ગિરનાર ક્ષેત્રની સિમાઓ ઉત્તરે ભાદર, દક્ષિણે બીલખા, પૂર્વમાં પરબધામ (તા. ભેંસાણ) અને પશ્ચિમે વંથલી સુધીની ગણાય છે. એક વાર્તા મુજબ પહેલા પર્વતોને પાંખો હતી અને તેઓ ઉડતા હતા. ઈન્દ્ર એ બધા પર્વતોની પાંખો વ્રજથી કાપવા માંડી ત્યારે રૈવતક પર્વત છુપાઈ ગયેલો. દ્વારિકામાં જ્યારે કૃષ્ણ રાજ્ય કરતા હતા, અને અર્જુન જ્યારે વનવાસ દરમિયાન તેમને મળવા આવ્યો ત્યારે, આ પર્વત પાસે જ કૃષ્ણએ તેને સુભદ્રા બતાવી હતી અને અહીંથી સુભદ્રાનું અપહરણ કરી અર્જુન લઈ ગયા હતા તેમની સાથે.

હવે મૂળ વાત પર આવીએ કે


તા. ૨૫-૧૦-૨૦૨૦ ના દિવસે ગિરનાર પર્વત પર રોપ-વેનું ઉદ્‌ઘાટન થયું. રોપ-વે માં ભવનાથ તળેટીથી શરૂ કરીને અંબાજી ટૂંક સુધી પ્રવાસ કરતા આઠ મિનિટનો સમય લાગે છે. રોપ-વે માટે ટીકીટના દર ૭૦૦ રૂા. રીટર્ન અને ૪૦૦ રૂા. એક તરફી પ્રવાસના રાખ્યાં છે. પ્રથમ દિવસે રોપ-વે માં ૨૧૦૦ જેટલા મુસાફરો એ પ્રવાસ કર્યો હોવાના સમાચાર દૈનિક પત્રોમાં પ્રસિદ્ધ થયા હતા.

ભારતમાં સૌથી વધુ એટલે કે ૨૧૨૬.૪૦ મીટરની લંબાઈ ધરાવતા ગિરનાર રોપ-વે માટે ૧-૫-૨૦૦૭ માં ખાતમુર્હત કરાયું હતું. રાજ્ય સરકાર અને ઉષા બ્રેકો કંપની દ્વારા રોપ-વે ના અંતિમ કામની પુરજોશમાં કામગીરી ઉપાડવામાં આવી હતી ને તે કાર્ય પૂર્ણરૂપે પાર કર્યું હતું.

ગિરનાર રોપ-વે નું કામ કરેલ ઉષા બ્રેકો કંપનીના વાઈસ પ્રેસિડેન્ટ મનોજ પવાર અને રોપ-વે સાઈટના હેડ દિનેશ નેગીએ માહિતી આપી હતી કે, ભવનાથમાં ગિરનાર રોપ-વે ના લોઅર સ્ટેશનથી અંબાજી અપર સ્ટેશન સુધીની ૯૦૦ મીટરની ઉંચાઈ છે. તેના માટે નવ તોતિંગ પોલ ઉભા કરવા જરૂરી હતા.

તેના માટે હાલ વિશ્વની સૌથી મોટી રોપ-વે બનાવતી ઓસ્ટ્રિયાની ડોપલમેર કંપનીના ટેકનીકલ ઈજનેર મિ. નિક્કી ભારત આવ્યા હતા અને તેઓ જાન્યુઆરી સુધી અહીં રોપ-વે સાઈટ પર રોકાઈને રોપ-વે ના અંતિમ કામગીરીના પોલ માટે માર્ગદર્શન આપી કામ પૂર્ણ કરાયેલું. આના માટે ઓસ્ટ્રિયાની કંપનીના ઈજનેર સહિતની ૫૦ જણાની ટીમ જેમાં ટેકનીકલ ઈજનેરો સહિતના નિષ્ણાંતો એ કામ કર્યું હતું.

ગિરનાર રોપ-વે ની કામગીરીમાં અનેક મુશ્કેલી નડી હતી, જેમાં ખાસ કરીને ગિરનારનો વચ્ચેનો એક કિલોમીટરનો ભાગ (ટેરેન વિસ્તાર) ખૂબ જ ઊંડો અને એક ખીણ જેવો છે, જેમાં સિંહ સહિત અનેક જંગલી પ્રાણીઓનો વસવાટ છે. જેને ધ્યાનમાં રાખીને તે વિસ્તારમાં કામગીરી કરવા માટે અત્યંત ચોકસાઈ વાપરવી પડી હતી અને નીચે સતત ધ્યાન રાખીને કામ લેવામાં આવ્યું હતું.


TELEPHONE & SWITCHYARD WIRES
HT CABLES
LT CABLES
LAN CABLES
CCTV CABLES
SUBMERSIBLE WIRES
SCREENED CABLES
FLEXIBLE CABLES
JELLY FILLED TELEPHONE CABLES
CO-AXIAL CABLES
SOLAR CABLES
WELDING CABLES
SPEAKER WIRES
INDUSTRIAL WIRES
POLYCAB
CABLE GLAND
FANS
Concealed Metal Boxes
For
Modular Series
CONCEALED METAL BOX
CLETA
SWITCHES
& MANY MORE PRODUCTS TO BE LAUNCHED
PRABHAT CABLES PVT. LTD.
ESTD : 1958
33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
Tel: 2208 5153 / 4922 4200, Fax : 2208 2660
Hotline: Head Office / Sales: *507 • *509
Cable Delivery: *505 • *506 • Flexible & HW Delivery : *112 • *113
Email: info@prabhatcables.com / prabhatcables@gmail.com
Website: www.prabhatcables.com
Distributors :
POLYCAB
WIRES & CABLES

જૂનાગઢના ગિરનારની પર્વતમાળા અને જંગલ વચ્ચેથી પસાર થતી રોપ-વે ટ્રોલીમાં લોઅર થી અપર સ્ટેશન સુધી ટ્રોલીને પહોંચતા સાડા છ થી સાત મિનિટ અને અપરથી લોઅર સ્ટેશન સુધી ટ્રોલીને પરત આવતા પાંચથી છ મિનિટ થાય છે.

જૂનાગઢના ગિરનાર પર્વત પર શરૂ થયેલા રોપ-વેના લોઅર થી અપર સ્ટેશન વચ્ચેનું અંતર ૨૧૨૬.૪૦ મીટર છે. રોપ-વેની ટ્રોલી લોઅર સ્ટેશનથી નીકળ્યા બાદ ગિરનાર જંગલ તથા પથ્થરોની શિલાઓ પરથી પસાર થાય છે. રોપ-વે ની સફર દરમ્યાન ગિરનારની પર્વતમાળામાં ફેલાયેલી લીલી વનરાજી તેમજ ગિરનારની બાજુમાં આવેલ હસ્નાપુર ડેમ શહેર અને ભવનાથ તળાવનો અદ્‌ભુત નજારો તેમજ રોમાંચનો અનુભવ થાય છે.

ગિરનાર પર્વતની ઊંચાઈ પર જ્યાં ૮૫૦ મીટરના અંતર વચ્ચે એક પણ ટાવર નથી. ત્યાં કેબલ જ છે. ટ્રોલી ત્યાં થોડી સ્લો થતી હોય તેવો અનુભવ થાય છ. **સંકલન**

## 'મન'ની બારીએથી......

સૂરજનું પડે કિરણ પહેલું, પહેલાં બારી ખોલવી છે
યાદોની ઝાકળ ઝીલવા, સ્મરણોની બારી ખોલવી છે.
વર્ષોના વહાણાં વીત્યાં, માંડયા પગ ફરી એ કેડીએ
ધૂળે ખરડેલ યાદ ખંખેરવા, ઘરની બારી ખોલવી છે.
ખૂંચ્યા અસમજણના કાંટા, ઘવાયાં હતાં પોતીકા
ખભે ફરી હાથ રાખવા, સંબંધોની બારી ખોલવી છે
'બા'ની મીઠી મીઠી વાતે પેટે પધરાઈ જતાં કોળિયા
મમતા સ્પર્શ માણવા, સ્પંદનોની બારી ખોલવાની છે
શિક્ષકની મારે છેલ્લી પાટલીએ અંગૂઠા પકડતાં,
રિસેસનો ઘંટ સાંભળવા, બચપણની બારી ખોલવી છે
પહેલની અપેક્ષાએ, તમે ચુપ અમે પણ રહ્યાં ચુપ
પ્રેમ ઉડાન ભરી ચુક્યા, મનની બારી ખોલવી છે
ભૌતિકતાની લાયમાં 'મન' વળીને જોઈ ન શકયા
નિજમાં લપાયેલ એકાંતે, સુખની બારી ખોલવી છે.

**'મન' મનીષા**

# મુક્તક

કિસ્સો કેવો સરસ મઝાનો છે,
બેઉ વ્યક્તિ સુખી થયાનો છે.
પલ્લું તારી તરફ નમ્યાનો તને;
મુજને આનંદ ઊંચે ગયાનો છે !

**આ મુક્તક વાંચતા એવુ થયું કે...**

પ્રેમમાં હાર અને જીત તો હોય છે જ ક્યાં ?
તું જીતે અને હસે મોહક, શું તે જીત નથી મારી ?
જીતુ હું અગર તો તુ કહે, મારો 'વિજય' જીત્યો
બંનેની જીતો માણતા જિંદગી જાયે અમારી

હકારાત્મક જીવન એ સુખી થવાની ગુરુ ચાવી છે અને કહે છે આ ગુરુ ચાવી જે દંપતી ધરાવે છે તેને દુઃખ કદી અડતું નથી. મન એ જ સુખ અને દુઃખનું કારણ છે અને તે કેળવી શકાય છે. પરિસ્થિતીને બીજી રીતે જોવાની દ્રષ્ટી કેળવીને, પ્રયોગ કરવો છે ? અર્ધો પ્યાલો દુધ ભરીને હકારાત્મક વલણ ધરાવતા વ્યક્તિને આપો અને પુછો તે શું છે ? જવાબ હશે અર્ધો પ્યાલો ભરીને દુધ અને નકારાત્મક વ્યક્તિને પુછશો તો કહેશે અર્ધો પ્યાલો ખાલી દુધ છે. પરિસ્થિતી એક હોવા છતાં બે જુદા દ્રષ્ટી બીંદુથી સમજાઈ જશે કે કોણ સફળ થશે અને કોણ દુઃખી. આવી જ સરસ ઘટના આ મુક્તકમાં વર્ણવી...

**પલ્લું તારી તરફ નમ્યાનો તને ;**
**મુજને આનંદ ઊંચે ગયાનો છે !**

સમતુલીત જીવન જીવવું તે પણ કળા છે અને કવિ તે કળાનાં માહેર છે જે આ બે પદમાં કહી દે છે.

**ઉલઝતો રહ્યો છું નિશ દિન**
**કે ક્યારે ચોરાયું હતું મારું ચિત્ત**
**શોધુ હું એ કાનુડાની રીત**
**કે જેને રાધા કહે હૈયાની પ્રીત.**

Selected Business Superbrand INDIA 2006 Industry Validated

# TOTAL ELECTRICAL SOLUTIONS




● Electrical Wires – Housegard & Hotgard ● Flame Retardant Low Smoke Electrical Wires – Flamegard ● Single & Multi Core Flexible Cables ● Single Core Flexible Cables for UPS Cabling ● PVC Winding Wires & 3-Core Flat Cables ● Trunk & Distribution CATV Cables ● Branch & Drop Co-axial Cables ● 105°C Temperature Resistant Auto Cables ● Cat 5 E+, Cat 6 and Cat 6+ LAN Cables & Components ● Telephone & Switchboard Cables ● Power & Control Cables ● Jelly Filled Telephone Cables ● Optic Fibre Cables ● PVC Sheets ● Finoswitch Electrical Switches - Premium & Classic ● Finoglow - Compact Fluorescent Lamps

**Finolex Cables Limited**
AN IS/ISO 9001 COMPANY
*Finolex gets people together*

***AUTHORISED DISTRIBUTORS AND CHANNEL PARTNER***

## Pushti Electricals Pvt. Ltd.

**17, Picket Cross Road, Lohar Chawl, Mumbai :- 400 002**
**Tel.: 2206 6230 ● 2208 7429 ● 2206 5726 ● 6637 7929**
**● E-mail : sales@pushtiindia.com ● Fax : 2206 7929**
**● Web.: www.pushtiindia.com**

## મનથી વિશ્વાસ રાખો, વાણીથી સત્ય બોલો
## કર્મથી હિંમત સદૈવ રાખો, શરીરથી (તન) સેવા કરો.

✍ રાજેશ કડકીઆ

૧) આપણો માનવ અવતાર પ્રભુને પ્રાપ્ત કરવા માટે જ છે.
૨) કળિયુગમાં શ્રી કૃષ્ણનાં નામનો જપ કરવાથી સદ્ગતી જરૂરથી મળે છે.
૩) ભક્તિ ફક્ત મંદિરમાં નહિ પણ જ્યાં બેસો ત્યાં થઈ શકે છે.
૪) કરોડ કામ છોડીને પહેલું ભગવત સ્મરણ કરવું જ અતિ મહત્ત્વનું છે.
૫) ભણેલ-ગણેલ વ્યક્તિ તો એ કહેવાય જેનાં વિચારો સુંદર હોય, ઉચ્ચારો શુદ્ધ પાવક હોય અને જેના આચાર સુંદર હોય. ટૂંકમાં આચાર-વિચાર પવિત્ર અને પાક હોય.
૬) જીવનનાં છેલ્લા શ્વાસ સુધી પ્રભુ નામની માળા સતત જપતા રહેવી.
૭) ભોજનની સાથે ભજન નિયમિત કરવા જરૂરી છે.
૮) પરમાત્માને પ્રસન્ન કરવા માટે ફક્ત હૃદયનાં શુધ્ધ સાત્વિક પ્રેમની જરૂરત છે.
૯) કંકાસમય રહેવા જેવુ કોઈ પાપ નથી અને કજિયા સમાપ્ત કરાવવાં જેવું કોઈ પુણ્ય નથી.
૧૦) સેવા-પૂજામાં ધન કરતા મન મુખ્ય છે.
૧૧) કથામૃત અને નામામૃત એમ બે પ્રકારનાં અમૃતનું દરરોજ રસપાન કરો.
૧૨) પ્રાતકાળમાં ઉઠતાંવેંત ઈશ્વરનું સ્મરણ કરો, પ્રાર્થના જરૂરથી કરો.
૧૩) સર્વ યજ્ઞમાં જપ યજ્ઞ શ્રેષ્ઠ છે.
૧૪) દેહ શુદ્ધિ નહિં, મન શુદ્ધિની જ જરૂરત છે.
૧૫) જેવું વૃક્ષ ઉપર ફળ આપે છે ને એક દિવસ નીચે નમી જાય છે, મોટા થવાની ઈચ્છા હોય તો પ્રથમ નમતાં શીખો.
૧૬) સંયમ, સદાચાર, સેવા, સ્નેહ આ ચાર ગુણ જરૂરથી કેળવો.
૧૭) દરેક ઈન્દ્રિયો પર સંયમ જરૂરથી કેળવવો. સંયમ વગર જીવન સફળ થતું નથી.
૧૮) ધાર્મિક દેખાવા કરતાં ધાર્મિક બનવા મથો. દેખાવું અન્ય માટે છે, થવાનું પોતાના માટે છે.
૧૯) સ્નાનથી શરીરની, દાનથી ધનની અને ધ્યાનથી મનની શુદ્ધિ થાય છે.
૨૦) પોતાની શક્તિ કરતાં વધારે આપવું તે ઉદારતા અને પોતાની જરૂરિયાત કરતા ઓછું લેવું તે સ્વમાન છે.
૨૧) ઓછું ભોજન ખાવાથી તથા ગમ ખાવાથી જીવન સદાય સુખી રહે છે.
૨૨) જીવનની જરૂરિયાત ઓછી કરવાથી પાપ ઘટશે.
૨૩) વર્તનથી બાળક બનો, સત્યથી યુવાન અને જ્ઞાનમાં વૃધ્ધ થાઓ.
૨૪) પ્રભુનું ભજન કરવાથી ઈશ્વર કૃપા થશે.
૨૫) માતા-પિતા અને સંતોની આજ્ઞામાં સદાય રહો.
૨૬) માતા-પિતા ઈશ્વર સ્વરૂપ છે, તેમને વંદન કરો.
૨૭) સંસારમાં ચાર પ્રત્યક્ષ દેવોની સેવા કરવી જરૂરી છે (અ) માતા-પિતા (બ) ગુરુ (ક) અતિથિ (ડ) સૂર્ય-નારાયણ-ઈષ્ટ દેવ.
૨૮) અગિયાર માસ ગૃહસ્થ જીવન અને એક માસ કોઈ પવિત્ર તીર્થમાં બેસી જપ કરવું એ જ ગૃહસ્થનો સાચો ધર્મ છે.
૨૯) પ્રભુને શરણે જનાર પાપીનો પણ પ્રભુ ઉધ્ધાર કરે છે.
૩૦) માતા-પિતાની સેવા કરો. વૃદ્ધાવસ્થામાં આપનાં બાળકો આનું અનુકરણ જરૂરથી કરશે જ.
૩૧) પાપ પહેલું આંખ વાટે આવે છે. આંખ બગડે એટલે મન જરૂર બગડે જ.
૩૨) સંત ભૂલ કરે ત્યારે કબૂલ કરે છે, શયતાન ભૂલ કર્યાનું કદાપિ કબૂલ કરતો જ નથી.
૩૩) સત્સંગી ખુદ તરે છે અન્યને પણ તારે છે.
૩૪) કોઈપણ સંતનું સ્મરણ રાખવાથી એ આપને પાપ કરતાં અટકાવશે.
૩૫) આપણું નિત્ય જીવન એ જ ખરું મંદિર છે અને ધર્મ પણ છે.

RR KĀBEL

SCAME INDIA
electrical solutions

legrand®

MK
Honeywell

eubiq™

Schneider Electric

BHAVIK PARIKH

EEE® ESSEN ELECTRICAL ENTERPRISE

Block No. 2A, Ground Floor, Jawahar House, 285, Princess Street, Next to Saraswat Co-op. Bank Ltd.,
Near Parsi Dairy Farm, New Marine Lines (E) MUMBAI - 400 002.
Phone : 2201 0018 / 2206 4726 • E-mail : essenelec@gmail.com • www.essenelectric.com

# બાલાસિનોરની આસપાસ જોવા-માણવા લાયક અફલાતૂન સ્થળ

**અમારી વિનંતીને માન આપીને ડૉ. અમૃતભાઈ તીરગર એ આ લેખ બાલાસિનોરવાસીઓ માટે તૈયાર કરી આપ્યો છે - તંત્રી**

**ગળતેશ્વર મહાદેવ :** બાલાસિનોર થી લગભગ ૪૦ કિ.મી. ના અંતરે આ સ્થળ આવેલ છે. અહીં વર્ષો જૂનું પ્રાચીન ગળતેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. આ સ્થળ ત્રણ નદીઓનું સંગમ સ્થાન છે. જેમાં મહિસાગર નદી, ગળતી નદી અને ગુપ્ત સરસ્વતી નદી અહીંયા મળે છે. આ સ્થળે બીજા વિવિધ મંદિર આવેલા છે. અહીં નદીના વિશાળ પટમાં લોકો શાહી સ્નાન કરવા આવે છે. અહીંયા દરરોજ ભીડ જોવા મળે છે. આ સ્થળની મુલાકાત જીવનને અનેરી બનાવવા અવશ્ય મુલાકાત લેવી જોઈએ.

**શિવલિંગ મહાદેવ :** બાલાસિનોરથી માત્ર ૭ કિ.મી. કપડવંજ વાયા વડોલ જવાના રસ્તે આ સ્થળ આવેલ છે. આ મહાદેવ ખૂબ જ પ્રાચીન છે. અહીંયા પારસ પીપળો, શેઢી નદી, મહાદેવ મંદિર, સ્મશાન અને વણઝારી વાવ એવા પાંચ વસ્તુઓનો સમન્વય હોવાથી તેનું મહત્વ અનેરું છે. અહીંયા જો વિકાસ કરવામાં આવે તો જંગલમાં મંગલ જેવું લાગે. આપણા બાલાસિનોર થી ખૂબ જ નજીક છે. ત્યાંના ટ્રસ્ટમાં આપણા કેળવણી મંડળના બાલાસિનોરના વહીવટી મંત્રી શ્રી રામી સાહેબ પણ ત્યાંના કમિટી સભ્ય છે. આ સ્થળે એકવાર જાવ તો વારંવાર જવાની ઈચ્છા થાય તેવું છે.

**કેદારધામ (ધામોદ) :** આ સ્થળ બાલાસિનોરથી વિરપુર વાયા ધોળી ડુંગરી જવાના મુખ્ય રસ્તાથી અંદર ચાર થી પાંચ કિ.મી. એટલે કે બાલાસિનોરથી લગભગ ૩૫ કિ.મી. દૂર આવેલ છે. અહીંયા નું વાતારવણ ખૂબ જ આહ્લાદક છે. આ સ્થળ જંગલમાં મંગલ જેવું છે. અહીંયા શ્રાવણ માસ તથા વિવિધ તહેવારો દરમ્યાન મેળો ભરાય છે. ઘણાં દાનવીરો અહીંયા તિથી ભોજન રાખે છે. અહીંયા આ સ્થળને વિકસાવવામાં આવે તો એક યાત્રાધામ તરીકે વિકસી શકે તેમ છે. અહીંયા ડુંગર ઉપર લાલીયા લવારનો પ્રાચીન ભગ્નાવશેષ કિલ્લો, બાબાની ગુફા, મુસ્લિમ કબર, શેઢી નદીનું ઉદ્‌ગમ સ્થાન આ બધું જ જોવાનું અનેરું છે તેથી જ અવશ્ય તેની મુલાકાત લો. અહીંયાનું જંગલ પણ માણવા લાયક છે.

**ઠંડા ગરમ પાણીના કુંડ (લસુન્દ્રા) :** આ સ્થળ બાલાસિનોર થી અમદાવાદ જવાના રસ્તે ફાગણવેલથી થોડા આગળ જતા આવે છે. અહીંયા પણ કુદરતી રીતે ઠંડા-ગરમ પાણીના ઝરા છે. જેમાંથી ઠંડા ને ગરમ પાણી નીકળે છે. બંને એકબીજાની પાસ-પાસે હોવા છતાં એકમાં ગરમ અને બીજામાં ઠંડુ પાણી નીકળે છે. અહીંયા આવેલ મહાદેવ મંદિરના દર્શન કરી લોકો ધન્યતા અનુભવે છે.

**માનગઢ હિલ :** બાલાસિનોર થી સંતરામપુર અને તેની નજીકમાં જંગલ અને વનરાજી તથા ડુંગરોની હારમાળા વચ્ચે આ સ્થળ આવેલ છે. લગભગ ૬૦ થી ૭૦ કિ.મી. દૂર આ સ્થળ આવેલું છે. જ્યારે ભારતની આઝાદી સમયે સૌ પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ ૧૮૫૭ના વિરલવ સમયે ગુજરાતમાં જેમણે આ વિરલવ માટે આદિવાસી પ્રજાને જાગૃત કરવા માટે જેમણે આપેલ યોગદાન એવા ગોવિંદ ગુરુની સમાધિ આવેલ છે. અહીંયા ખૂબ મોટો મેળો ભરાય છે. ગુજરાતમાં અભણ પ્રજા એ સૌ પ્રથમ જાગૃતિ માટે પ્રયાસ કરેલ તેવી પાવન ભૂમિ એટલે માનગઢ હિલ. અહીંયા ઝલીયાવાલા બાગ અમૃતસર પંજાબ કરતા પણ મોટો હત્યાકાંડ અંગ્રેજો એ ગુજારેલ પરંતુ આ આદિવાસી પ્રજાનો આ બનાવ ઈતિહાસમાં દબાવી દેવામાં આવ્યો માટે જ શ્રી નરેન્દ્ર

# તમારા સ્નેહભાવને પરંપરાગત ગુજરાતી અલંકારોથી વ્યક્ત કરો !



પેઢી દર પેઢીના વારસાગત અનુભવથી અમારી કારીગરીએ ઘણા પારખુ ગ્રાહકોને સંમોહીત કર્યા છે.
નકશીકામની ગુણવત્તા કહો કે પછી શ્રેષ્ઠકૃતિની રચના,
જોતાં જ ગમી જાય એવા અલંકારો અમે આપની સમક્ષ પ્રસ્તુત કરીએ છિએ.

પધારો; પરંપરાગત ગુજરાતી અલંકારોની ઉત્કૃષ્ટ શ્રેણી
અમારા એકમાત્ર બુટિક - એસ. વી. રોડ, અંધેરી ખાતે નિહાળો.

Since 1962

## સોની શિવલાલ જ્વેલર્સ પ્રા. લિ.

સુવર્ણ અને હિરાનું કલાત્મક સંગ્રહસ્થાન, ખરીદદાર, વેચનાર, નિકાસકર્તા અને સરકારમાન્ય વેલ્યુઅર

શો-રૂમ : શૉપ નં. ૧ અને ૨, સેન્ટર સ્કવેઅર બિલ્ડીંગ, ફિદાઈ એંકેડમીની બાજુમાં,
એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૮ | ફોન : +૯૧-૨૨-૨૬૭૦ ૫૪૫૪ / ૪૦૧૩ ૯૧૫૫

મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્ય મંત્રી હતા ત્યારે તેમની યાદમાં અને માનમાં આ સ્થળનું ઉદ્‌ઘાટન કરેલ છે અને તેમના માનમાં ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરાની સ્થાપના કરેલી છે. માટે જ આ સ્થળે કુદરતી વનરાજી વચ્ચે અરવલ્લીની ગિરિમાળાનો નજારો માણવા હાલો માનગઢ હિલ.

**જનોડ–કેદારેશ્વર મહાદેવ (બેટ) :** બાલાસિનોર અને તેની આસપાસનો પ્રદેશ એટલે હેડીમ્બા વન. અહીંયા ની પ્રકૃતિ એટલી આહ્‌લાદક છે કે મન હરી લે એટલા માટે જ ગુજરાતનું પ્રાકૃતિક ધામ તરીકે ઓળખવામાં આવે છે. તેથી જ બાલાસિનોરની આસપાસ નો પ્રદેશ માણવા લાયક છે. તો ચાલે જનોડ બેટ.

જનોડ ગામ એ પૌરાણિક ગામ છે ત્યાં ખડાયતા વણીક કોમનું ગામ અહીંયા તેમની પ્રાચીન સમયમાં વસ્તી હતી. હાલમાં અહીં ખંડેર હાલતમાં મકાનો જોવા મળે છે. પ્રાચીન ગામ નદી કિનારે હતું હાલમાં આ ગામ નદીથી દૂર છે. અહીંયા ડેમનો ઉપર વાસ હોવાથી નદી ખૂબ જ વિશાળ જોવા મળે છે તેથી જ તેનું નામ મહિસાગર છે. મહિ નદીની મધ્યમાં સુંદર બેટ છે અને ત્યાં કેદારેશ્વર મહાદેવનું પ્રાચીન શિવાલય છે કેદારેશ્વર મહાદેવ, ગળતેશ્વર મહાદેવ, ઉત્કંઠેશ્વર મહાદેવ અને મહારાષ્ટ્રનું ઓમકારેશ્વર મહાદેવ આ ચારેય મંદિર એક પ્રકારની ગાયની ખરી આકારના શિવ ના બાણ તરીકે આગવું મહત્ત્વ ધરાવે છે. આ બેટ પ્રાચીન બેટ છે તેને ‘ભવૈયા નો બેટ’ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ બેટ ઉપરનો નજારો ખૂબ જ આહ્‌લાદક છે. અહીંયા નૌકા વિહાર કરવાની મજા પડે છે. આ વિસ્તારમાં પ્રકૃતિને માણવાનો આનંદ અનેરો છે. અહીંયા મગર જોવાની મજા પણ અનેરી છે. અહીંયા જો મંદિરનો વિકાસ કરવામાં આવે તો આ સ્થળ સોહામણું બને તેમ છે. માટે જ એકવાર જનોડ (બેટ) ની મુલાકાત અવશ્ય કરવી. બાલાસિનોરથી પૂર્વમાં લગભગ ૧૨ કિ.મી. ના અંતરે આ ગામ (સ્થળ) આવેલ છે.

**દેવગોડા મહાદેવ (સેવાલીયા) :** આ સ્થળ બાલાસિનોરથી આશરે ૧૭ થી ૨૦ કિ.મી. અંતરે આવેલ છે. સેવાલિયા રેલ્વે સ્ટેશનની બાજુમાંથી એક રસ્તો પડે છે ત્યાંથી આ સ્થળે જવાય છે. મહિ નદીના કોતર ઉપર આ જગ્યા આવેલ છે. અહીંયા થી નદીનો પટ ખૂબ જ વિશાળ લાગે છે. બીજું કે આ મંદિરનો વિકાસ થવાથી ઘણાં બધા લોકો અહીં દર્શને આવે છે ત્યાંથી નીચે નદીના પટમાં જઈને સ્વીમીંગ પુલથી પણ વિશેષ ન્હાવાનો આનંદ માણે છે. અહીંયા છીછરા પાણીમાં ખૂબ જ મજા પડી જાય છે. નદીના પટમાં પણ બીજા બે થી ત્રણ મંદિર આવેલ છે. અહીંયા આ સ્થળે જન્માષ્ટમી તથા મહાશિવરાત્રી એ મેળો ભરાય છે.

**ભાથીજી મહારાજનું મંદિર (ફાગવેલ) :** બાલાસિનોર થી માત્ર ૧૨ કિ.મી. અમદાવાદ હાઈવે ઉપર આ સ્થળ આવેલ છે. કોઈપણ વ્યક્તિને ઝેરી જાનવર કરડે તો અહીંયાની બાધા (માનતા) માની ત્યાં લઈ જવામાં આવે તો ઝેર ઉતરી જાય છે, તેવી લોકોની માન્યતા છે અને તેથી જ આ આસ્થા પુરી કરવા માટે દર વર્ષે અહીંયા દિવાળી થી દેવદિવાળી સુધી પંદર દિવસ નો મેળો ભરાય છે. હાલમાં આ મંદિરનું બાંધકામ ચાલે છે. અહીંયા દક્ષિણ ગુજરાતના લોકો ખૂબ જ આવે છે. મેળા સમયે આખ્યાન જોવાની મજા અનેરી હોય છે. હાલમાં દરેક ગુજરાતના દરેક ગામમાં ભાથીજી મહારાજનું મંદિર અવશ્ય જોવા મળે છે. માટે જ આપણી નજીકમાં આ ભગવાનનું મંદિર હોય તો તેના દર્શનનો લ્હાવો અવશ્ય લેવો જોઈએ.

**ઠંડા ગરમ પાણીના કુંડ (ટુવા) :** આ સ્થળ

KAYCEE KI

pla

BRISK

RGK MARQUARDT

MET

# MODY ELECTRO TRADERS
# M. C. MODY & BROS. (E.D.)

VIRAL

select

BOHMEN

HIKSON

CE

ETI

UPGREEN CORPORATION

ELMECO

ALTOS ELECTRONICS

Off.: 125 'A' Maskati Mahal, Lohar Chawl, Mumbai - 400 002

Off.: 22080026, 22061909, 22054803 - Fax : (91-22) 22084703
Email: sales@modyelectraders.com ⁙ www.modyelectrotraders.com


મનીષા બિમીશ શાહ (ઉજળાવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

બાલાસિનોરથી ગોધરા જવાના રસ્તે સેવાલિયાથી થોડા આગળ આવે છે. અહીંયા કુદરતી રીતે જમીનમાંથી ગરમ પાણી નીકળે છે. સાથે-સાથે તેની બિલકુલ બાજુમાંથી ઠંડુ પાણી નીકળે છે માટે જ અહીંયા ચામડીના રોગના દર્દીઓ બાધા રાખે છે અને સ્નાન કરવા માટે આવે છે. બીજું કે અહીંયા પ્રાચીન સમયના ભીમના પગલાં તથા ભીમની ચોરી આવેલ છે. તેથી અહીંયા પ્રાચીન સમયમાં હેડીમ્બા વન હશે તેવું પ્રમાણિત થાય છે માટે આ સ્થળની મુલાકાત અવશ્ય લેવી જોઈએ.

**ગઢના મુંવાડા (ગઢકોતર), કોતરબોર :** મિત્રો આપણે સૌ જાણીએ છીએ કે બાલાસિનોર રળિયામણું મહિસાગર નદીને આભારી છે. માટે જ તેની શોભા અનેરી છે. કોતરબોર અને ગઢના મુંવાડા ગુજરાતમાં ત્યાંના કાશીબોરથી પ્રખ્યાત છે. અહીંયા ઉત્તરાયણના દિવસે નડીયાદ સંતરામ મંદિરમાં બોર ઉછામણી કર્યા પછી જ અહીંથી બોરનું વેચાણ થાય છે. અહીંયા વર્ષોથી રોજના દસ થી પંદર ટેમ્પા ભરીને બોર નિકાસ કરવામાં આવે છે. અહીંયા ના બોર એટલા મીઠા છે કે મનમાં આનંદ વ્યાપી જાય છે. બોરની સિઝન પૂર્ણ થઈ ગયા બાદ હાલમાં ત્યાંથી સૂકાબોર (કોકડ) ખૂબ જ મજાના લાગે છે. એકવાર આ ખાવા લાયક ખરા. મહિસાગર નદીના કિનારે આ બે ગામ આવેલા છે જે વણાંકબોરી ડેમના ઉપરવાસમાં આવેલ હોવાથી અહીંયા થી મહિસાગર નદી વિશાળ સરોવર જેવી લાગે છે. અહીંથી હોડીમાં બેસીને જનોડ બેટ, ગઢ કોતર, વણાંકબોરી ફરવાની મજા કંઈક ઓર છે. કોતર બોર નામ ત્યાંના કોતર પરથી પડયું છે. અહીંયા કુદરતી બોર પાકતા હોવાથી કોતર બોર નામ પડયું છે. અહીંનો બોટીંગ નો લ્હાવો અનેરો છે.

ગઢ કોતર નામ ઉપરથી ખ્યાલ આવે છે કે અહીંયા કોતરોમાં પ્રાચીન ગઢ હશે. અહીંયા જો ખોદકામ કરવામાં આવે તો પ્રાચીન અવશેષો અસંખ્ય પ્રમાણમાં મળે તેમ છે. અહિયાનું પ્રાચીન શિવાલયની બાજુમાં આવા પ્રાચીન અવશેષો મળી આવે છે તો તેની મુલાકાત અવશ્ય લેવી જોઈએ. આ સ્થળ બાલાસિનોરથી માત્ર ૧૪ કિ.મી. દૂર છે.

**કડાણાડેમ :** જિલ્લાની જીવાદોરી તથા ચરોતરનો ચરું એટલે મહિસાગર નદી જે ગુજરાતમાં આ સ્થળેથી પ્રવેશ કરે છે. અહીંયા આ નદી ઉપર વણાંકબોરી ડેમ કરતાં પણ મોટો ડેમ બાંધવામાં આવ્યો છે. અહીંયાનો નઝારો ખૂબ જ આહ્લાદક છે. બે ડુંગરો વચ્ચે આડ બંધ બાંધીને પાણીને રોકવામાં આવ્યું છે. ડેમની ઉપર સાઈડમાં એક મધ્યમાં બેટ આવેલ છે. ત્યાં એક ગામ વસેલ છે. ત્યાં જવા માટે હોડી દ્વારા જવાનો આનંદ ખૂબ જ અલગ છે. આ સ્થળે જવું અને જાણવું કંઈક અલગ


**ગોપાલ જયંતિલાલ ભટ્ટ (ગોર)**

**(જ્યોતિર્વિદ-મુંબઈ)**

**Sankalp Astrologist & Palmist**

તથા



**દક્ષેસ ભટ્ટ**



જ્યોતિષ ને લગતું દરેક કાર્ય, જન્માક્ષર મેળાપક, હસ્તોત્રી પત્રિકાના, ગ્રહોના જાપ અનુષ્ઠાન, લગ્ન, ગ્રહશાંતિ, વાસ્તુશાંતિ, જ્યેષ્ઠા શાંતિ, આશ્લેષાશાંતિ, મુળશાંતિ, કાલસર્પદોષ શાંતિ, પિતૃદોષ શાંતિ, શ્રીમંત સંસ્કાર, નવચંડી, નારાયણ બલિ, ડાઉઝીંગ ટેલિથેરીપી દ્વારા વિવિધ પ્રશ્નનું યોગ્ય માર્ગદર્શન તથા મહાપૂજાનું વેદોક્ત પુરાણોક્ત શાસ્ત્રોકાર અને પુષ્ટિ માર્ગ વિધિ થી સંતોષ પૂર્વક કાર્ય કરનાર.

**૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,**
**બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ – ૪૦૦ ૦૦૬**
**પીપળા શેરી, બજારમાં-બાલાસિનોર ફોન : ૦૨૬૯૦ ૨૬૭૦૪૯।**
**Email :** gopaljbhatt@yahoo.co.in ● bhattgopal59@gmail.com

**✆ : ૨૩૬૭ ૩૪૯૯, ૨૩૬૧૩૬૨૨**
**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**

અનુભવ હશે. તો જાણી લ્યો આ સ્થળ ને.

**કલેશ્વરી નાળ :** આ સ્થળ બાલાસિનોર-વિરપુર-ખાનપુરથી આગળ આવેલ છે. જે લગભગ ૬૦ થી ૭૦ કિ.મી. દૂર છે. અહીંયાની વનરાજી મનને મોહિ લે છે. અહીંયા થી જ કવિ શ્રી પન્નાલાલ પટેલને ‘માનવીની ભવાઈ’ નવલકથા લખવાની પ્રેરણા મળી હતી અને આ સુપ્રસિદ્ધ ગુજરાતી ફિલ્મનું શૂટિંગ પણ આ સ્થળે કરવામાં આવ્યું છે. અહીંયા ભીમનો હોજ, ભીમ ચોરી, અર્જુન ચોરી, સાસુ-વહુની વાવ તથા બીજા અનેક પ્રાચીન સ્થાપત્યો ઉભા છે એને માણીને આનંદ થાય છે. આ સ્થળે વિવિધ કાર્યક્રમો પણ થાય છે. વિદેશના ટુરીસ્ટ લોકો પણ આ પ્રાચીન સ્થળે ફરવા માટે આવે છે. આમ કલેશ્વરી નાળ માં પ્રાચીન સ્થાપત્યોની સાથે-સાથે ડુંગરોની હારમાળા અને વનરાજીને માણવાનો આનંદ અનેરો છે.

**વણાંકબોરી ડેમ :** મહિસાગર નદીમાં આડબંધ બાંધીને આ સ્થળ વિકસાવવામાં આવ્યું છે. દૂર દૂર થી લોકો અહીંયા આ ડેમ જોવા માટે આવે છે. જે માત્ર બાલાસિનોર થી ૧ ૨ કિ.મી.ના અંતરે છે. આ ડેમનું ખોદકામ ઈ.સ. ૧૯૫૦માં કરવામાં આવ્યું હતું. અહીંયા થી મહિસાગર નદીનો નઝારો અનેરો દેખાય છે. જો આ સ્થળે પ્રવાસીય સ્થળ તરીકે વિકસાવવામાં આવે તો તેની રોનક વધી જાય છે. અહીંયા ડેમમાંથી પડતું પાણીને ચોમાસામાં માણવું એ અનેરો લ્હાવો છે. આ નદીના પટમાં એક બીબી રોનેરી નામનું સ્થળ છે ત્યાં છીછરા પાણીમાં ન્હાવાની મજા કંઈક અલગ હોય છે. ડેમ સાઈટ ઉપર હાલમાં વિજળી ઉત્પાદન માટે અલગ વિભાગ પણ બનાવવામાં આવ્યો છે. આ સ્થળે કુદરતી વાતાવરણ માણવાની મજા કંઈક અલગ છે. ✤ ✤ ✤

Rakesh Dharia - 9819685882

- Civil
- Painting
- P.O.P.Work
- Fabricators
- Carpenter
- Aluminium
- Electric

*Krish* INTERIORS

A-604, Saraswati C.H.S.Ltd.
C.S.Road No.4, Near Shakti Nagar
Dahisar (East),
Mumbai - 400068

**દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)**

(જ્યોતિર્વિદ-મુંબઈ)
**Sankalp Astrologist & Palmist**
તથા

જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર,
લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી,
નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા,
ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ,
શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ,
પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી,
ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.

મો. – ૯૫૯૪૩૨૬૨૦૨
ઘર : ૦૨૨–૨૮૯૦૪૧૦૩

# અતિત ના ઓવારેથી................

✍ રાજેશ કડકીઆ

આજનાં માનવીને ભૌતિક દુનિયાનું, બાહ્ય વિશેનું સૌથી વધુ જ્ઞાન છે, પણ માનવીની ભીતર રહેલા આત્મતત્વની તેમને કોઈ જાણકારી નથી. જીવનમાં શાંતિ, શાણપણ અને અજ્ઞાનરૂપી અંધાકર દૂર કરનાર સત્સંગી છે. જીવનમાં ગુપ્ત રહેલ દિવ્યતત્વની કેમ અનુભૂતિ કરવી, તેને કેમ પ્રકટ કરવી તેનું સામાન્ય જ્ઞાન આમ માનવીને નથી.

અધ્યાત્મ પથ એ અંધકારને, અજ્ઞાનને દૂર કરવા માટેની લડતનો માર્ગ છે. મન સાથે લડવાનું નહિં, પણ મનને સમજીને તેની પર ચાલ્યા જવાનું છે. મન-બુદ્ધિ પદાર્થોમાં છે, જેને તેને પોતે છે એમ લોકો માને છે. જેના આધારે સુખમાં લાલવિત થતા હોય છે. બુદ્ધિનો વિકાસ જરૂરી છે જેથી તે આત્મા પરમાત્માનાં સ્વરૂપને સમજી શકે.

મન એ ચિંતન સ્વરૂપ થવું જોઈએ. સામાન્ય રીતે માનવી આમ જીવનને લગતી નાટક-સિનેમા, રમત-ગમત, રાજકારણ કે અન્ય પ્રવૃત્તિ સાથે સતત સંકળાયેલાં રહે છે. પણ તે જ્યારે દુઃખનો અનુભવ કરે છે, રોગમાં સપડાય કે અકસ્માતમાં ત્યારે તેનું મનન સતત વિચારે છે કે આમ શા માટે થયું ? મૃત્યુ સમીપે પહોંચે ત્યારે જ તે વિચારે છે કે મૃત્યુ કેવી રીતે આવ્યું ? આજે માનવીના ચિત્તમાં મનન માટેની જગ્યા જ નથી અનુભવતો અગર સત્સંગ કરવા સદ્‌ગુરુની નિકટ બેસે તો તેને સમજાય અને તેના ચિત્તનું, મનનું ચિંતન-મનન વધતું જાય છે. તેનામાં વૈરાગ્ય અને વિવેકના ગુણો દ્રષ્ટિભૂત થતાં જાય છે અને ત્યારે જ આત્મા-પરમાત્મા ભણી તેનું ચિંતન-મનન શરૂ થાય છે.

આજકાલ લોકો આવી આધ્યાત્મિક બાબતોથી સતત દૂર ને દૂર હડસેલાતા જોવા મળે છે. આજે લોકોને રિયાલિટી શો જોવામાં કે ગેમ્બલીંગ કરવામાં વધુ રસ હોય છે. આપનાં મનને કેવી રીતે ખિલવવું તે આપનાં જ હાથમાં છે. મનને સમજવું કંઈ આસાન કામ નથી. મન તો સદૈવ મનુષ્યના બંધનનું કારણ છે. મનને હંમેશા ખુલ્લુ મૂકો. મનન-ચિંતન કરો, મનને સંયમિત કરો, ઈન્દ્રિયોને નિયંત્રિત કરો અને મનમાં સદ્‌ભાવ ઉત્પન્ન કરો ત્યારે જ મન મોક્ષનાં પુરુષાર્થનું દ્વાર બની શકે આમ નહિં થાય તો મન સંયમિત નહિં રહે તે સતત ચંચળ બનશે અને સતત વિષય-વાસનાઓમાં ડૂબેલું જ રહેશે.

જ્યારે મનમાં વિચારોનાં વમળો ઉદ્‌ભવે ત્યારે મન તેમાં સતત ડહોળાયેલું રહે છે. મન આસક્ત બને છે, તે સતત મમત્વને વળગી રહે છે. માનવીનાં મનમાં સદ્‌ભાવના જાગે ત્યારે તે મમત્વનાં વળગણથી દૂર થાય છે. દરેક માનવીએ યુક્ત આહાર-વિહારનું આચરણ કરવું રહ્યું. ખાવા-પીવામાં પણ યુક્ત ભાવ રાખવાનો છે. તો જ મનમાં સંયમ-નિયમની ભૂમિકા વધુ દ્રઢ બનશે.

પતંજલિ યોગસૂત્રમાં તો યમ-નિયમનું પાલન કરવું પડે તો જ આપણે તેને સમજી શકીએ. આજનો સામાન્ય માનવી આ નિતિ-નિયમોને સમજી શકવાની ક્ષમતા ધરાવતો નથી. તન-મનની શુદ્ધિ અત્યાવશ્યક છે. અન્યથા શરીરની આંતરિક શક્તિઓની જાગૃતિ અસંભવ બની રહે. આથી જ મનનાં અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવા મનન-ચિંતન સતત કરતાં જ રહેવું અત્યંત જરૂરી બની રહે છે.

**પૂ. આનંદ મૂર્તિ ગુરૂમાનાં પ્રવચનમાંથી સાભાર.....**

---

# The Half Potrait

The smile that I see on her lips
Is actually forced and coerced.
The way she pretends to pay attention
Is actually no point to mention.
The act of her kindness and politeness for which
people praise her is just all automation.
She rarely listens to people, certainly doesnt even care,
She shrods herself with open soldiery
With all her sincerity
Leaves no opportunity to disemble
Thats what make it quiet semble.
All that she does is just act human
Blends in, fits in with everyone
But she is just perfectly hidden.
Looking at her one would just frain
Is it just her or she acts human?

**Parth Bhavesh Mody (Thasrawala)**

# શું તમારા શરીરમાંથી પાણી ભરેલા ફોલ્લા નીકળી આવે છે ? તો જરૂર કરો આ ઉપાય, નહીં તો થઈ શકે છે હર્પીસના શિકાર....!!!

✍ તંત્રી મંડળ તરફથી

ઘણીવાર શરીર પર પાણીથી ભરેલા ફોલ્લા જોવા મળે છે. જો તમે તેમની અવગણના કરો તો તમે હર્પીસના શિકાર બની શકો છો. તો આવો જાણીએ આ રોગના લક્ષણો અને શું છે તેની સારવાર ?

એક સંશોધન અનુસાર, આ રોગની અસર ૪૦ વર્ષની ઉંમર પછી વધુ દેખાય છે. હર્પીસ વેરિસેલા ઝોસ્ટર નામના વાયરસથી થાય છે. તે ચેપી રોગ છે, તેથી અત્યંત સાવચેતી રાખવી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ રોગ કોઈને પણ અને કોઈપણ ઉંમરે થઈ શકે છે, પરંતુ એવું માનવામાં આવે છે કે આ વાયરસ તે વ્યક્તિને અસર કરે છે જેને ચિકનગુન્યા થયો હોય કારણ કે તેનો વાયરસ પણ એ જ છે, જે વાયરસ એલર્જી અથવા ફંગલ ઈન્ફેકશનમાં જોવા મળે છે.

જે વ્યક્તિને પહેલા જો ચિકનગુન્યા થયો હોય, તો તેના શરીરમાં વેરિસેલા ઝોસ્ટર વાયરસ પહેલેથી જ હાજર રહેલો હોય છે, અને માટે જ તે હર્પીસ થવાનું કારણ બની શકે છે. હર્પીસના પ્રકાર અને લક્ષણો નીચે જણાવ્યા મુજબ છે તે જાણો અને સમજો.

**હર્પીસના બે પ્રકારો :-**

(૧) એચ વી-૧ એટલે કે હર્પીસ અથવા ઓરલ હર્પીસ અને (૨) એચવી-૨ એટલે કે હર્નીટેડ હર્પીસ અથવા હર્પીસ ટાઈપ.

આ રોગના લક્ષણોની વાત કરીએ તો ઘણા લોકોને ઘણા મહિના સુધી લક્ષણોની કઈ અસર જણાતી નથી. તેથી જ આ રોગ જીવલેણ સાબિત થઈ શકે છે. કેટલાક લોકો માં ૧૦ દિવસની અંદર જ હર્પીસ તેનો દેખાવ બતાવવાનું શરૂ કરે છે. જો પાણીથી ભરેલા ફોલ્લામાંથી દાણા જેવું બહાર નીકળી આવે, તો તેને તોડી નાખો અને તેને સ્પર્શ કરશો નહીં. તેમાંથી જે બહાર આવે છે તે શરીરના અન્ય ભાગોમાં અથવા કપડાં પર લાગવું જોઈએ નહીં. જેથી તે શરીરના અન્ય ભાગોમાં ફેલાય નહીં અને સાથે સાથે બીજા લોકોથી પણ દૂર રહેવું. દર્દીના કપડાં, વાસણો અને તેનો ઉપયોગ પણ અલગ રાખવો જોઈએ અને તેને નિયમિત સાફ કરતાં રહેવું જોઈએ.

**અન્ય લક્ષણો વિશે વાત કરીએ તો :**

હર્પીસની સ્થિતિમાં શરીરના ખાનગી ભાગો અને અન્ય ભાગોમાં પણ આવા જ ફોલ્લા જોવા મળે છે. જ્યારે તે ધીરે ધીરે મોટા થયા છે, ત્યારે તેઓ ફૂટી જાય છે અને જ્યારે શરીરના અન્ય ભાગોમાં પણ જોવા મળે છે ત્યારે ચેપ પણ ત્યાંથી અન્ય જગ્યાએ ફેલાય છે. સમગ્ર શરીરમાં ખંજવાળ આવે છે. મોઢા ઉપરાંત, શરીરના અન્ય ભાગોમાં ઘા થઈ જાય છે. હંમેશા તાવ આવે છે અને લસિકા ગાંઠો ખૂબ મોટા થાય છે. લાલ ફોલ્લીઓના ચાંદા શરીર પર દેખાય છે. સાંધામાં દુઃખાવો, માથાનો દુઃખાવો અને થાક આવવાથી દર્દીઓને પીડા થાય છે. પછી થોડા દિવસોમાં દર્દીની ચાપડી પર લાલ લાલ ફોલ્લાઓ બહાર આવે છે.

**હર્પીસ માટે કારણો :**

જ્યારે હર્પીસ વાયરસ કોઈ સંક્રમિત વ્યક્તિની ચામડીની સપાટી પર હાજર હોય ત્યારે તે વ્યક્તિના સંપર્કમાં આવવાથી અથવા તે વ્યક્તિ સાથે શારીરિક સંબંધ દ્વારા પણ સરળતાથી રોગ ફેલાય જાય છે. જો કે, તે પણ સમજવાની જરૂર છે કે, આ ચેપગ્રસ્ત વ્યક્તિ દ્વારા વૉશ બેસીન, ટેબલ અથવા અન્ય કંઈ પણ ને સ્પર્શ કરીને ફેલાતો નથી. હર્પીસ રોગ અ સુરક્ષિત સેક્સને કારણે થાય છે. જો કોઈ વ્યક્તિ સાથે મૌખિક લૈંગિક સંબંધ હોય અને તે મોઢામાં ઘાયલ હોય તો આ રોગ પકડી શકે છે. આ ઉપરાંત સેક્સ રમકડાં ને શેર કરવાં અને સંક્રમિત વ્યક્તિ સાથે જાતીય સંપર્ક કરવો પણ હર્પીસ થવાનું મુખ્ય કારણ બને છે.

વરસાદ અને શિયાળામાં હર્પીસ વધારે જોખમદાયી છે. હર્પીસ વાયરસ વાતાવરણમાં હંમેશા હાજર જ રહે છે. શિયાળામાં અને વરસાદમાં તેના કેસો વધુ પ્રમાણે

જોવા મળે છે. આ રોગ શરીરના કોઈપણ ભાગ પર જોઈ શકાય છે. ઘણીવાર લોકો તેને ગંભીરતાથી લેતા નથી, જો સમયસર કાળજી લેવામાં ન આવે તો તેનો ચેપ આંખ અને નાક તરફ આગળ વધવાનું શરૂ કરે છે. સામાન્ય રીતે મોટા ભાગના દર્દીઓને ચહેરા અને છાતી પર તેની અસર શરૂ થાય છે. એકવાદ દર્દી આ ચેપથી સંક્રમિત થઈ જાય તો, તે સંપૂર્ણ પણે દૂર થઈ શકતો નથી. તેના લક્ષણો એકવાર ફરીથી ઉદ્ભવે છે.

**હર્પીસની સારવાર :-**

કેટલાક ઘરેલું ઉપચાર તેના સારવાર માટે પણ અપનાવી શકાય છે. જેમ કે ગરમ પાણીમાં થોડું મીઠું લેવું. તે ફાયદો પ્રદાન કરે છે. અસરગ્રસ્ત ભાગ પર પેટ્રોલિયમ જેલી લગાવવાથી રાહત મળે છે. પણ જ્યાં સુધી હર્પીસ લક્ષણો સંપૂર્ણપણે બેસી ના જાય ત્યાં સુધી કોઈપણ પ્રકારની જાતીય પ્રવૃત્તિ કરવી નહીં. તેમ છતાં ઘરેલું ઉપચાર સાથે ડૉક્ટરની સારવાર પણ લેવી જોઈએ. અન્યથા પરિસ્થિતિ ગંભીર થઈ શકે છે.


હર્પીસની સારવાર માટે, એન્ટિવાયરસ દવાઓ એસીકોલોર ડ્રગ દર્દીને આપવામાં આવે છે. જેથી શરીરમાં હાજર વાયરસ નાશ પામે છે. વધુમાં, ફાર્માસ્યુટિકલ્સ અને વેલેસીકાયક્લોવીર દવાઓ પણ દર્દીને આપી શકાય છે. દર્દીને આ દવાઓ સાથે સહાયક સારવાર પણ આપવામાં આવે છે. પરંતુ ડૉક્ટરની સલાહ લિધા વિના આ દવાઓનો ઉપયોગ ન કરવો કારણ કે તે દરેક દર્દી પર અલગ અલગ અસર કરે છે. હર્પીસ વાયરસ કોઈપણ વ્યક્તિને ના લાગે તેના માટે કેટલીક બાબત ધ્યાનમાં રાખવી જરૂરી છે, જેમ કે સુરક્ષિત સેક્સ કરો. સેક્સ દરમિયાન કોન્ડોમનો ઉપયોગ કરો. ચેપગ્રસ્ત વ્યક્તિ સાથે સંભોગ કરવાનું ટાળો અને જો મોઢાથી દર્દી કોઈ ઘાયલ હોય તો તને વ્યક્તિ સાથે મુખ મૈથુન ન કરવું. એક થી વધા જાતીય પાર્ટનર હોય તો પણ હર્પીસ વાયરસ હુમલો કરી શકે છે.

**હર્પીસ એટલે ત્વચાના રોગથી રાહત અપાવશે આ ઘરેલું નુસખા.....**



NIRAV
Photo Arts
• HD VIDEO SHOOTING • PHOTOGRAPHY
• DESIGNER ALBUM • ONLINE VISION MIXING
• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
• STUDIO SETUP • VIDEO HIGHLIGHT
• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND
Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776
304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068, INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com



।। શ્રી ગોકુલેશો જયતિ ।।

શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય
જ્યો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ
(બી.એ.વીથ સંસ્કૃત) (જ્યોતિષ વિશારદ મુંબઈ)
જ્યોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોક્ત સંતોષકારક કાર્ય કરનાર
એડ્રેસ : ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.
(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭
(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭

હર્પીસ એટલે જોસ્ટરની સમસ્યા, આ થવાથી ચહેરા પર પાણીથી ભરેલા નાના-નાના દાણાવાળી ફોલ્લી થઈ જાય છે. આ રોગ હર્પીસના વાયરસના કારણે થાય છે. આ એક વાયરસ છે જે ત્વચા પર દુ:ખાવો અને ઈજા થઈ હોય તેવા ઘા ઉત્પન્ન કરે છે. આ સમસ્યા ખાસ કરીને એ લોકોમાં જોવા મળે છે જેને ચિકન પોક્સ થયા હોય. આ સમસ્યાને સારી જવામાં ૨ થી ૩ અઠવાડિયાનો સમય લાગી શકે છે. આ રોગને સારો કરવા માટે કેટલાક ઘરેલું ઉપાય નીચે જણાવ્યાં મુજબ ઉપયોક કરીને તમે આ રોગથી રાહત મેળવી શકો છો.

**બરફ :** હર્પીસને સમસ્યા થવા પર ઘા પર બરફનો પેક લગાવો. તેનાથી દુ:ખાવો અને ખંજવાળમાંથી રાહત મળશે. તેમાં આ વાતનું ધ્યાન રહે કે બરફનો સીધો ઉપયોગ ન કરવો જોઈએ. તેને કોઈ કપડામાં અથવા કોથળીમાં ભરીને લગાવવો.

**મધ :** આ રોગને સારો કરવા માટે મધ પણ ખૂબ અસરકારક માનવામાં આવે છે. હર્પીસ એટલે ઘા વાળી જગ્યા પર રોજ લગાવવાથી આ સમસ્યાથી ખૂબ જલ્દી રાહત મળી શકે છે.

**એલોવેરા :** એલોવેરામાં વધારે પ્રમાણમાં ઔષધીય ગુણ રહેલા છે. આ ત્વચાને લગતી સમસ્યાથી રાહત મેળવવા માટે ખૂબ ફાયદાકારક રહે છે. એલોવેરા જેલના ઘા પર લગાવવાથી જલ્દી જ આરામ મળે છે.

**મુલેઠીના મૂળ :** મુલેઠીના મૂળમાં અનેક પ્રકારના એ્ટી-ઓક્સીડેન્ટ અને એન્ટી બેક્ટેરિયલ તત્ત્વ રહેલા છે. જે આ બીમારીથી રાહત અપાવવામાં મદદ કરે છે. જેના માટે મુલેઠીની મૂળનું ચૂરણ બનાવીને ઈજા પર લગાવો.

**જૈતુનનું તેલ :** જૈતુનના તેલમાં પણ એન્ટી-બેક્ટેરિઅલ તત્ત્વ હોય છે. જે ત્વચાની અંદર જઈને ઈજાથી રાહત અપાવે છે. રોજ જૈતુનનું તેલ લગાવવાથી આ સમસ્યાથી રાહત મળી શકે છે.

**સંકલન**


Dent Villa
The Complete Family Dental Care

**Dr. Shikha Dharia**
**B.D.S**

**Treatments we offer are:**

- A complete dental consultation with digital x-ray.
- Complete prophylaxis (clean up) and gum care.
- Restoring of compromised tooth with fillings, root canal, crown and bridges, extraction, implants, dentures.
- Smile designing and esthetics.
- Complete prophylaxis for children.
- Dental Jewellary / Sport guard and snore guard / Silensor.

**Address:**
9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building, Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai: - 400 007.

**Contact: 8879088330**

Timings: 10.00am to 8.00 pm Monday to Saturday

## વોટસઅપ પરથી - સંકલન પ્રવીણભાઈ દેસાઈ

ટ્રેનના ડબ્બામાં પ્રવેશ્યો અને મારી સીટ શોધતો શોધતો ત્રીજા કમ્પાર્ટમેન્ટમાં પહોંચ્યો. બાજુની બે બેઠકોમાંથી મારી નીચેની બેઠક હતી, સામે એક બાળક અને એના માતા-પિતાનું એક નાનું સુખી કુટુંબ હતું. હજુ ત્રણ જગ્યા ખાલી હતી તથા મારી સામેની બેઠક પણ ખાલી હતી. ત્રણ-ચાર મિનીટમાં મારી સામેની બેઠક પર એક ભાઈ આવી ગયા અને એમનો સામાન ગોઠવવા લાગ્યા. ત્યાં એક ૭૦-૭૫ વર્ષની ઉંમરનાં એક સજ્જન અને તેમના જોડીદાર આવ્યા અને પોતાનો સામાન ગોઠવી અને જગ્યા લીધી. જ્યારે પણ લાંબી મુસાફરી કરવાની હોય ત્યારે કમ્પાર્ટમેન્ટ થોડા સમય માટે ઘર જ બની જાય. અત્યારે આ હંગામી ઘરનાં તમામ પાત્રોએ પોતાની જગ્યા લઈ લીધી હતી.

જ્યારે પણ મન થાય અને મા ગંગાની યાદ આવે અથવા મા ગંગા બોલાવે, ત્યારે આ ટ્રેન મારો સેતુ બની જાય. આશરે ૩૬ કલાકની મુસાફરી અને બીજા દિવસે સાંજે હરિદ્વાર પહોંચી જવાય. સાંજે ગંગા આરતીનો લાભ લઈ અને બીજા દિવસે સવારે ૠષીકેશ. આ જ મારો નિત્ય ક્રમ. પરિચય કેળવવાના હેતુથી સામે બેઠેલા લગભગ મારી જ ઉંમરના ભાઈ સાથે વાતચીત શરૂ કરી.

સામે પેલું બાળક થોડું તોફાન કરી પોતાનો સમય પસાર કરી રહ્યું હતું... તેના માતા-પિતા પોતાના મોબાઈલ જોવામાં વ્યસ્ત હતા. થોડી-થોડી વારે, નાસ્તા, કોલ્ડ-ડ્રીન્કસ અને ચા-કોફીવાળા ફેરીઓ લગાવી રહ્યા હતા. દિવાળી પછીનો સમય હતો એટલે ટ્રેનમાં બંને તરફ સરસ મજાની લીલોતરી જોવાં મળે... સાથે સાથે વચ્ચે આવતી નાની-મોટી નદીઓમાં બંને કાંઠે પાણી હતા,

પેલા બાળકની સાથે થોડી વાતો કરી સમય પસાર કરતો હતો.. વચ્ચે, તેના પિતા પણ વાતો કરતા. પણ પેલા બંને ઉંમરવાળા યુગલ પોતાની પાસે રહેલા પુસ્તકો વાંચવામાં વ્યસ્ત હતા. કદાચ એમને અમારી વાતોમાં બહુ રસ ના લાગ્યો. છત્રીસ કલાકની મુસાફરીમાં જો બે વ્યક્તિ સાવ અલિપ્ત રહે, તો મજા ના આવે... એટલે, એમને પણ વાતોમાં શામેલ કરવાના ઈરાદાથી વાત શરૂ કરી...

'તમે ક્યાં સુધી જવાના ?' મારો પ્રશ્ન સાંભળી મોટી ઉંમરનાં સજ્જને પુસ્તકમાંથી ઉપર જોઈને આછા હાસ્ય સાથે જવાબ આપ્યો, 'હરિદ્વાર સુધી...' વળી પાછા પુસ્તક વાંચવામાં લાગી ગયા.

મેં ફરી પ્રશ્ન કર્યો, 'ત્યાં રહો છો ? કે ખાલી થોડા સમય માટે ?'

તેમણે ધીમેથી પુસ્તક બંધ કરી અને જવાબ આપ્યો,'અમે રુદ્રપ્રયાગ જવાના... ત્યાં રહીએ, વર્ષમાં દસ થી અગિયાર મહિના...'

બંને સરસ વ્યક્તિત્વ હતા... સજ્જન ઊંચા, વિશાળ કપાળ, માથે શ્વેત વાળ અને થોડી થોડી સફેદ દાઢી-મુછ.... સફેદ ઝબ્બો અને લેંઘો અને હાથમાં એક કાળા ડાયલવાળી ઘડિયાળ તેમજ સોનેરી લટકતી ચેઈન સાથે જોડાયેલા ચશ્મા.... એમના જોડીદાર બેન પણ એકદમ શાલીન અને પ્રભાવી વ્યક્તિત્વ ધરાવતા હતા... સાદો કોટનનો ડ્રેસ, શ્વેત લાંબા વાળનો ચોટલો, બંને હાથમાં એક એક બંગડી, કપાળે લાલ મોટો ચાંદલો અને ગળે લટકતી સોનેરી ચેઈન સાથે જોડાયેલા ચશ્માં....

રુદ્રપ્રયાગનું નામ સાંભળી મારી આંખમાં ચમક આવી અને એમને પૂછયું,'વાહ... ખુબ સરસ જગ્યા.... ત્યાં શું કરો તમે ?'

હવે, મારી સામે બેઠેલા ભાઈને પણ રસ પડયો.... અને પેલા નાના બાળકના પિતા પણ અમારી વાતોમાં જોડાયા....

પેલા કાકા હસી પડયા અને બોલ્યા,'ત્યાં કશું જ નથી કરતાં... બસ ઈશ્વરના પ્રયોજનને ન્યાય આપવાનો પ્રયત્ન..'

અમારી વાતો વધી.. પરિચય પણ વધ્યો... મને

ઉત્કંઠા થઈ, એમના અને એમના કામ વિષે જાણવાની.....

મેં પૂછયું,'તમારા પરિવારમાં કોણ ?' ત્યાં જતા રહો આટલો લાંબો સમય, તો ઘરની યાદ ના આવે ?'

એમણે એમના જોડીદાર બેન સામે જોયું અને બંને થોડું હસ્યા...

સજ્જને કહ્યું,'ભાઈ, મારા પરિવારમાં એક દીકરો અને એક દીકરી છે... બંને લગ્ન કરીને ખુબ સારી રીતે અમેરિકામાં સ્થાયી છે..' પછી એમના સામે બેસેલા એમના જોડીદારની સામે જોઈ બોલ્યા, 'એમના પરિવારમાં એક દીકરી છે... એ પણ લગ્ન કરીને કેનેડા સ્થાયી છે...'

હું અને બાકીના બધા આ સાંભળીને થોડા અવઢવમાં પડયા....

મારાથી પૂછાઈ ગયું,'એટલે... તમારા બંનેનો પરિવાર અલગ અલગ છે ? તમે.....'

એ મારા પ્રશ્નનો મર્મ સમજી ગયા અને જવાબ આપ્યો.

'ભાઈ હું ૭૨ વર્ષનો છું અને આ મારી સામે બેઠેલા અનન્યાબેન ૭૦ વર્ષના છે.. અમે બંન્ને છેલ્લા દસ વર્ષથી મિત્રો છીએ... હું વ્યવસાયે આધ્યાપક હતો અને અનન્યાબેન વ્યવસાયે ડૉક્ટર.'

'વાહ, તમે બંને મિત્રો છો ... મને તો એમ કે... ' બાકીનું વાક્ય અધ્યાહાર છોડી દીધું....

પેલા સજ્જન મારી સામે જોઈને હળવા હાસ્યા સાથે બોલ્યા,'કેમ બે મિત્રો ના હોયે ?'

પછી અનન્યાબેન ની સામે જોઈને બોલ્યા,'જોયું અનન્યાબેન, આપણે સિત્તેર વર્ષની ઉંમરે પણ મિત્ર હોઈએ એ બધા સહજતાથી સ્વીકારી નથી શકતા...' બંને નાના બાળકની જેમ હસી પડયા...

મેં એમની સામે થોડા ક્ષોભથી જોઈ કહ્યું,'ના, એવું નથી... મોટેભાગે આપણે બધાને પતિ પત્નિનાં રૂપમાં જ જોવાં ટેવાયેલા હોઈએ, એટલે... પણ, તમારી વાત ખરેખર નવી છે... અલગ છે... તમને વાંધો ના હોય તો જણાવો કે શું કરો છો તમે રૂદ્રપ્રયાગમાં ? ?'

પેલા સજ્જન બોલ્યા, 'ભાઈ, હું રીટાયર્ડ થયો એ પહેલા મારા દીકરા દીકરીનાં લગ્નની જવાબદારીથી પરવારી ગયેલો.... બંને સારી રીતે એમના લગ્નજીવનમાં સુખી છે અને અમેરિકામાં સ્થાયી છે.. મારા રીટાયર્ડ થયાના એક વર્ષ પછી અમે અમેરિકા, દીકરા સાથે જ રહેવાની ઈરાદાથી ગયા... ત્યાં મારા પત્નીનું એક જ વર્ષમાં માંદગીને કારણે અવસાન થયું... અને હું પાછો ભારત આવ્યો.... એમના અસ્થી અને એની યાદો સાથે...'

'અસ્થી પધરાવવા હું ૠષિકેશ ગયો.... શિવાનંદ આશ્રમમાં એક અઠવાડિયું રોકાયો... મન ને ખુબ શાંતી મળી... એક સાંજે આશ્રમમાં સંત કૃષ્ણાનંદજી મળી ગયા... અમે લગભગ એક કલાક સત્સંગ કર્યો....

એમણે મને કહ્યું કે, જીવનમાં કોઈપણ ઘટના વગર પ્રયોજનો નથી થતા.... જો તમે અસ્થી વિસર્જન કરવા અહીં ના આવ્યા હોત તો આશ્રમમાં પણ ના રોકાયા હોત..... અને આપણે મળ્યા પણ ન હોત....'

'જીવનમાં બનતી દરેક ઘટના પાછળ, ઈશ્વરનું કોઈક પ્રયોજન હોય છે.... કોઈક સંકેત હોય છે...'

મેં જ્યારે કૃષ્ણાનંદજી ને પૂછયું, કે 'મારા જીવનનું શું પ્રયોજન ? મારી યોજના તો પત્ની સાથે અમેરિકામાં બાકીનું જીવન મારા દીકરા અને દીકરીના બાળકો સાથે પસાર કરવાનું હતું... પણ, હવે તો હું સાવ એકલો થઈ ગયો...'

કૃષ્ણાનંદજી એ મને એક સ્મિત સાથે જવાબ આપ્યો....'તમારા માટે પણ ઈશ્વરે કોઈ યોજના બનાવી રાખી જ છે... બસ તમે ઈશ્વર પર ભરોસો રાખો અને એ સંકેત અને ઈશ્વરની ઈચ્છા સામે આવે તેને સ્વીકારી લેવાની માનસિક તૈયારી રાખજો...'

એક સાંજે, ગંગા આરતી પૂર્ણ થયા પછી, એકલો ઘાટ પર બેઠો હતો, મેં જોયું કે એક ગરીબ અને ભિખારી

જેવી લાગતી મહિલા જોર જોરથી રડી રહી હતી અને એના ખોળામાં ૬-૭ વર્ષની એક બાળકી હતી.... પેલી નાની બાળકી જોરથી હાંફી રહી હતી....

મારી નજર પડી... એક ૬૦-૬૨ વર્ષની ઉંમરના જાજરમાન વ્યક્તિત્વવાળા બહેન પેલી મહિલા અને બાળકી તરફ દોડી ગયા... અને એમને હાથમાં લીધી અને મોઢું ખોલી અને શ્વાસ આપવા માંડયો.

થોડીવારમાં પેલી બાળકી સ્વસ્થ લાગી... હું પણ ત્યાં પહોંચ્યો.. પેલા બહેને પોતાના પર્સમાંથી એક નાની દવાની બોટલ આપી અને બાળકીની માતાને કેટલીક દવા લઈ આવવા કહ્યું... પણ પેલી ભિખારી જેવી મહિલા કદાચ પૈસાના અભાવે દવા લાવે એવું લાગ્યું નહી... આથી મેં, પેલા બહેનને ક્હ્યું, 'મને કહો, હું લઈ આવું....' અને ત્વરિત ઘાટ નજીક આવેલી ફાર્મસીની દુકાનથી દવા લઈ આવ્યો અને પેલી બાળકીની માતાને આપી...

આ બહેન એટલે આ તમારી સામે બેઠેલા અનન્યાબેન... તેઓ વ્યવસાયે બાળકોના ડૉક્ટર છે.. તેમને એક દીકરી જે લગ્ન કરી અને કેનેડા સ્થાયી થયેલી. અનન્યાબેનના પતિ પણ ડૉક્ટર હતા, એક એકસીડન્ટમાં આજથી લગભગ વીસ વર્ષ પહેલા અવસાન પામેલા....

આ ઘટના પછી, હું અને અનન્યાબેન ઘાટ પર બેઠા... પરિચય થયો... એકબીજાની વાત જાણી. મને કૃષ્ણાનંદજીની વાત યાદ આવી... બીજા દિવસે સવારે હું અને અનન્યાબેન પાછા કૃષ્ણાંનદજીને મળવા ગયા... અને એમને ગઈકાલે ઘાટ પર થયેલ ઘટના અને અમારા પરિચયની વાત કરી...

કૃષ્ણાનંદજીએ અમારી સામે જોઈ એક હાસ્ય સાથે કહ્યું,'જાઓ, તમારી બંનેની રાહ હજારો બાળકો જોઈ રહ્યા છે.... રૂદ્રપ્રયાગમાં તમારી જરૂર છે.. તમે પ્રોફેસર હતા... શિક્ષક હતા.. તમારે બાળકોને જ્ઞાન, વિદ્યા, સંસ્કાર અને જીવનનો ધ્યેય આપવાનો છે અને અનન્યાબેન, તમે ડૉક્ટર છો... તમારે એમને સ્વાસ્થ્ય આપવાનું છે...'

કૃષ્ણાનંદજીની વાતને આદેશ માની, બીજા જ દિવસે અમે રુદ્રપ્રયાગ જવાનું નક્કી કર્યું.... હું ક્યારેય રુદ્રપ્રયાગ ગયો ન હતો... બીજા દિવસે ત્યાંથી જતી બસમાં અને પાંચ કલાકની મુસાફરી કરી રુદ્રપ્રયાગ પહોંચ્યા....

અદ્ભૂત જગ્યા.... મા ગંગાના ખોળામાં નાનું ગામ... સાવ અવિકસિત... ત્યાં જવું કોની પાસે ? રહેવું ક્યાં ? પણ જ્યારે ઈશ્વરનું આયોજન અને પ્રયોજન હોય ત્યારે એ જ બધી વ્યવસ્થા કરી આપે... અમે કોઈપણ વિચાર કે આયોજન વિના રુદ્રપ્રયાગ ગયા હતા.

બસમાંથી ઉતર્યા, સામે એક નાનુ ગેસ્ટ-હાઉસ હતું... ત્યાં પહોંચ્યા... બે રૂમ લીધા... અને સામાન મૂકી, રુદ્રપ્રયાગમાં ફરવા નીકળ્યા... દસ મિનીટ ચાલીને ગંગાજીને કિનારે પહોંચ્યા ત્યાં એક વૃદ્ધ સંન્યાસી મળ્યા... એમને પ્રણામ કર્યા.... અમારી સામે જોઈને બોલ્યા,'આપ એક અચ્છા કાર્ય કરનેવાલે હો.... ઈશ્વરને હી આપકો ભેજા હૈ.... આપ આગે જાઓ, પુરાના આશ્રમ હૈ વહા જાઓ.... આપકા કાર્ય વહી પૂર્ણ હોગા....' બસ, એક પછી એક ઘટનાઓ થતી રહી અને અમે માત્ર ઘટનાઓની ગંગામાં વહેતા રહ્યા...

પેલા નાના આશ્રમમાં જુના ત્રણ-ચાર તૂટેલા-ફૂટેલા ઓરડા, એક નાનું મંદિર, નાનુ આંગણ અને એક અતિવૃદ્ધ સંન્યાસી.... અમારો એમની સામે પરિચય થયો અને અમે કાંઈક કરવાની ઈચ્છા વ્યક્ત કરી... સંન્યાસીએ અમને એમની જગ્યાનો ઉપયોગ કરવાની છૂટ આપી... અમે ત્યાં જ એક ઓરડામાં વિદ્યાર્થીઓને ભણવા માટેની નાની શાળા અને એક ઓરડામાં અનન્યાબેનનું બાળકો અને સ્ત્રીઓ માટે દવાખાનાની સ્થાપના કરી...

બીજા દિવસથી અમે આજુબાજુના વિસ્તારમાં ફરતા અને રખડતા બાળકોને શાળામાં આવવા લઈ આવતા.... ત્યાં રમતો, નાસ્તો, શ્લોક, વાર્તાઓ અને સાથે થોડું ગણિત, વિજ્ઞાન અને લખવાનું શીખવવાનું શરૂ કર્યું... ધીમે ધીમે બાળકો જોડાતા ગયા... એમને રોજ ભરપેટ

નાસ્તો મળે તેવી વ્યવસ્થા કરી....

અનન્યાબેન દ્વારા બાળકો, સ્ત્રીઓ અને સન્યાસીઓ માટે મફત દવા અને ઈલાજની વ્યવસ્થા શરૂ કરી... આજે લગભગ દસ વર્ષ થઈ ગયા... ચાર શિક્ષકો માનદ પગારથી રાખ્યા છે... શાળાનો વિકાસ પણ સરસ થયો છે... ચાર વર્ષથી બાર વર્ષની ઉંમરના બાળકો અભ્યાસ કરવા આવે છે... લગભગ ૨૫૦ છોકરાઓ આવે છે... અનન્યાબેન ડૉક્ટર તરીકે અદ્‌ભૂત સેવા આપે છે... આજુબાજુનાં ગામનાં મળીને પચાસ થી પંચાવન દર્દીઓ તો રોજ આવે...'

'બસ, આ અમારી કથા...' એક હાસ્ય સાથે એ સજ્જન બોલ્યા...

મારાથી બોલાઈ ગયું.'અદ્‌ભૂત કાર્ય કરો છો... તમે બંને આજે સારામાં સારી જિંદગી જીવી શકત... પણ તમે આવું કાર્ય સ્વીકારી લીધું... આવું ભાગ્યે જ કોઈ કરે....'

ત્યાં અનન્યાબેન પહેલીવાર બોલ્યા, 'ભાઈ, અમે કશુ જ નથી કરતાં.... ઈશ્વર અમારી પાસે કાર્ય કરાવે છે... એનો સંકેત હતો.... એનું જ પ્રયોજન હતું... અમે તો માત્ર એના દ્વારા નિર્મિત પટકથાનાં પાત્રો છીએ... પાછા જઈશું ત્યારે ઈશ્વર જવાબ માંગશે ને ? શું કર્યું તમે જગતમાં જઈને ? આપણા ભાથામાં કહેવા લાયક કંઈક તો હોવું જોઈએ ને ?'

અમે બધા જ આ બંને સેવાના ભેખધારીને જોઈ રહ્યા....

કદાચ ઈશ્વરની યોજના, પ્રયોજના, ઈચ્છાના સંકેત આપણને પણ મળતા હશે.... પણ આપણે એ સંકેતોને કદાચ અવગણી જતા હોઈએ છે.... દરેક નો જન્મ તો કોઈ ઉચ્ચ ધ્યેય માટે જ થયો છે... અસીમ અને અનંત સંભાવના સાથે આપણે જન્મ્યા... પણ નાની-નાની અર્થહીન બાબતોમાં એવા અટવાઈ જઈએ કે જીવન ક્યાં વીતી ગયું એ ખબર જ ના પડે.....

જીવનને અર્થપૂર્ણ બનાવવું આપણા હાથમાં છે... જીવનમાં બનતી દરેક ઘટના, જીવનમાં આવતી વ્યક્તિઓ, ઉત્પન્ન થતી પરિસ્થિતી અને ઘટના પાછળ કોઈ સંકેત હોય જ છે... જીવન તો કોઈપણ જીવી લેશે... અર્થપૂર્ણ જીવન જીવવા માટે ઈશ્વરનું પ્રયોજન સમજવું જરૂરી છે....

જીવન એમ પણ વીતી જવાનું... આપણી પાસે બે જ વિકલ્પ છે... જીવનને માત્ર જીવવું અથવા જીવનને અર્થપૂર્ણ રીતે જીવવું...... ઈશ્વરના સંકેત ને સમજી.... તેના પ્રયોજન મુજબ.....

✍ **ડૉ. સ્નેહલ**

---

# સફળ કરવું

હે, ઈશ્વર અર્પિત અણમોલ
જીવન મારે સફળ કરવું
મહેનત મારે કરવી પડે તો
મહેનતથી મારે ના ડરવું

હે બાળપણ મેં રમતા રમતા
મસ્તી કરીને પુરું કર્યું.
બાળપણની યાદોમાં રાચી
જીવન મારે સફળ કરવું

હે, શાળામાં ભણી ગણીને
કોલેજના પગથિયા ચડી
ભવિષ્યના સપના સજાવ્યા
જીવન મારે સફળ કરવું

અગ્નિ સમક્ષ ફેરા ફરીને
સંસારમાં પગરણ માંડયું
ગૃહસંસારમાં ડૂબતા ડૂબતા
જીવન મારે સફળ કરવું

પ્રૌઢાવસ્થા વટાવી ઘડપણ
દ્વારે આવી પહોંચી
અસીમ અથાગ શ્રમ જતાવ્યા
જીવન મારે સફળ કરવું

મરતા મરતા ના જીવવાની
કસમ મેં દીધી હતી
મૃત્યુ શૈયા શ્રીજી સુમિરન
જીવન મારે સફળ કરવું

**આ લેખ શ્રી કનુભાઈ મગનલાલ ધારીઆ (અણિયાદવાળા)ના માર્ગદર્શન હેઠળ શ્રીમતી મિનાક્ષીબેન રાજેશકુમાર દેસાઈ (લાટવાળા) એ તૈયાર કર્યો છે.**

## ગવર્નીંગ વેસલ મેરીડિયન

## (GV અથવા DV ચેનલ)

આ ઘનવિજભાર ધરાવતી 'યાંગ' ચેનલ છે. આ એક નિયંત્રક મેરિડીયન છે. બધી જ યાંગ ચેનલ પર આ ચેનલનું નિયંત્રણ છે. આ ચેનલ પર ૨૭ દાબબિંદુઓ છે. આ મેરીડિયન (Tail Bone) થી શરૂ થઈ કરોડ પર ઉપર ચઢે છે. GV 3 બિંદુ Secral Opening અને Lumber 5 ના સાંધા પર આવેલ છે અને GV 6 બિંદુ Lumber 1 પર પુરુ થાય છે. અહીંથી પીઠના મણકાઓ પર રહી ઉપર ચડે છે (GV 15) બિંદુ ગરદનના બીજા મણકા પર તથા GV 16 બિંદુ ખોપરીની કિનારી નીચે મધ્યમાં આવેલ ખાડા પર આવેલ છે. આ દાબબિંદુને M.O. મોડ્યુલા ઓબ્લોંગેટા કહે છે. અહીંથી મસ્તકની મધ્યમાં રહી (Crown) બ્રહ્મરંધ્ર પર આવી કપાળની મધ્ય ભાગ પરથી નાકની દાંડી પરથી પસાર થઈ હોઠ પર પૂર્ણ થાય છે. આ ચેનલ કરોડને મગજ પરથી પસાર છે. તેથી તેનુ કાર્ય Central Nervous System સાથે જોડાયેલું છે.

**GV - 1 - સ્થાન - Tail Bone ના છેડા પર (Coccyx)**

**દાબબિંદુના ફાયદા :-** આ બિંદુ કન્સેપ્શન વેસલ મેરીડિયનનો Connecting છે. મુત્રાશયનો સોજો, હરસ-મસા, ઉદાસિનતા, પ્રોસ્ટેટની ગરબડ, કમરનો દુખાવો.

**GV - 3 - સ્થાન - લંબર ૫ ને સંકલના સાંધા પર**

**દાબબિંદુના ફાયદા :-** નિતબંના સાંધાનો દુખાવો, Hip Pain, સાયટીકા, ગોઠણના દુખાવામાં આ બિંદુ પર દબાણ આપવાથી ફાયદો થાય છે.

**GV - 12-13-14 - સ્થાન - ૩ ને ૪ પીઠના મણકા પર, ૧-૨ પીઠના મણકા પર, ગરદનના ૭ મા મણકા પર.**

**દાબબિંદના ફાયદા :-** શ્વાસનળીનો સોજો, દમ, કાકડા વધવા, આધાશીશી, સાયનસ.

**GV -16, સ્થાન - ગરદનની પાછળ. પ્રથમ મણકાના ખાડા પર (M.O.)**


**દાબબિંદુના ફાયદા :-** આ મહત્વનું બિંદુ છે. આના પર દબાણ થોડુ જ આપવાનું છે. અંગુઠો રાખીને માથાની પાછળ થોડુ રાખી દબાણ આપવાનું છે. અહીંથી જ્ઞાનતંતુના સમુહ શરીરના વિવિધ અવયવોનો સંદેશો પહોંચાડવાનું કામ કરે છે. લોહીનું ઉંચુ દબાણ, ચિંતા, મોટી ઉધરસ, ગરદનનું અકડાવવું માં ફાયદો થાય છે.

**GV - 20 - સ્થાન - ખોપરીની ઉપર મધ્યભાગે**

**દાબબિંદુના ફાયદા :-** વાઈ, અનિદ્રા, પાર્કિન્સન્સ, અસ્થામા, વાળનું ઉતરવું માં ફાયદો થાય છે.

**GV 21-22-23-24 - સ્થાન - બ્રહ્મરંધ્ર અને કપાળનાં મધ્યભાગને જોડતી રેખા પર.**

**દાબબિંદુના ફાયદા :-** બહેરાશ, નાક વહેવું, ચિંતા,



મોઢા પરના સોજા, માથાના દુખાવામાં ફાયદો થાય છે.


**GV 26 - સ્થાન - નાકની દાંડી નીચે ઉપરના દાંતના પેઢા પર.**

**દાબબિંદુના ફાયદા :-** અહીંયા ત્રણ યાંગ ચેનલ મળે છે વાઈ, Heat Stroke, મોઢા પરના સોજા, Fainting માં આ બિંદુ પર દબાણ આપવાથી માણસને તરસ સારુ થાય છે.

## કન્સેપ્શન વેસલ મેરીડિય

## (CV અથવા REN ચેનલ)

આ એક ઋણવિજભાર ધરાવતી 'યીન' ચેનલ છે. આ ચેનલ શરીરના આગળના ભાગ પરથીજ પસાર થાય છે. આકૃતિમાં બતાવ્યા પ્રમાણે કમરના હાડકાં નીચેના સાંધા (Symphysis Pubes) પરથી શરૂ થઈ નાભી તરફ સીધી લાઈનમાં ઉપર આગળ વધે છે. પુખ્ત ઉંમરની વ્યક્તિ હોય, શરીર સુડોળ ને સપ્રમાણ હોય ઉંચાઈ ૫'૯'' હોય તો નાભિ અને (Symphysis Pubes) વચ્ચેનું અંતર ૯'' થી ૧૦'' રહે છે. આથી આ મેરીડિયનનું મહત્ત્વનું દાબબિંદુ (CV-5) (Central of Energy) નાભિ અને કમરના નીચેના હાડકાના છેડા વચ્ચે ૪.૫" કે ૫" ના અંતરે આવશે. (આ દાબબિંદુ નીચે જનન અવયવો આવેલ હોય છે) અહીંથી આ મેરીડિયન (CV-8) બિંદુએ નાભિને મળી ત્યાંથી ઉરોસ્થિના નીચેના છેડા પર સૂર્યકેન્દ્ર (Solar Plexus) ને મળે છે. ત્યાંથી ઉરોસ્થિની મધ્યમાં રહી ઉપર જત્રુના ગરદન પર આવેલા છેડાઓની મધ્યમાં (Neck-Pit) થઈને હડિયા પર આવી દાઢી પર (CV-24) બિંદુએ પૂર્ણ થાય છે. આ એક મહત્વની ચેનલ છે. ઘણા બધા Reproductive Problems માં આ બિંદુઓ પર દબાણ આપવાથી ફાયદો થાય છે.



**CV - 1 - સ્થાન - પ્યુબીસ હાડકાના સાંધા ઉપર નજીકનું બિંદુ.**

**દાબબિંદુના ફાયદા :-** પ્રોસ્ટેડ ગ્રંથીમાં ગરબડ, બેખબર પેશાબ થવો, Vagina માં સોજો આવવો, દુખદાયક માસિત

**CV - 2 - સ્થાન - પ્યુબીસ હાડકાના સાંધા પરનું બિંદુ.**

**દાબબિંદુના ફાયદા :-** મુત્રાશયનો સોજો, નપુસંકતા (Male Importance) પેશાબમાં અટકાવ, નીચેના (Abdomen) માં સોજોમાં દાબબિંદુ પર દબાણ આપવાથી ફાયદો થાય છે.

**CV - 3 - સ્થાન - પ્યુબીસ હાડકાંના સાંધાની ૨'' ઉપર આવેલ બિંદુ** (મહિલા દર્દીઓને ઉપરના દાબબિંદુ પર પુરૂષે દાબ આપવાં નહિ).

**દાબબિંદુના ફાયદા :-** અનિયમીત માસિક, શ્વેત પ્રદર (Lukorrhea), ગુપ્તાંગો પર ચળ આવવી (Pruritis Vulvag) બેકાબુ પેશાબ.

**CV-5 - સ્થાન - નાભિ અને પ્યુબીસ હાડકાના સાંધા વચ્ચે આવેલ બિંદુ** (આ દાબબિંદુને શક્તિ કેન્દ્ર કહે છે અને તે સકેલ મણકાના બીજા છિદ્રની સામેની બાજુએ આવેલ છે)

**દાબબિંદુના ફાયદા :-** ત્રેવડી ગરમીનો એલાર્મ બિંદુ છે. અનિયમિત માસિક, નાના આંતરડાની ગરબડ, (Abdomen Swollen)

**CV - 6 - સ્થાન - નાભિ નીચે મધ્યરેખા પર ૩.૫'' ના અંતરે આવેલ બિંદુ.**

**દાબબિંદુના ફાયદા :-** અનિદ્રા, પ્રોસ્ટેટ ગ્રંથીની ગરબડ, નપુંસકતા (Male Impotence) નિરૂત્સાહ ઠંડાપણુ (Frigidity), દુખદાયક માસિક

**CV - 8 - સ્થાન - નાભિ ઉપર.**

**દાબબિંદના ફાયદા :-** Diarrhea, Swollen, Abdomen, યીન ચેનલમાં ગરબડ, વાઈમાં દબાણ આપવાથી ફાયદો થાય છે.

**CV - 12 - સ્થાન - નાભિ ઉપર ૪'' ના અંતરે આવેલ બિંદુ.**

**દાબબિંદુના ફાયદા :-** પેટનો એર્લામ બિંદુ છે. Influent બિંદુ બધા યાંગ અવયવો માટે છે. બધા ગેસને લગતો Nausea, Vomiting, Abdomen Swollen, પેપ્ટીક અલ્સર, પેટમાં દુખાવામાં આ દાબબિંદુ પર દબાણ આપવાથી ફાયદો થાય છે.

**CV - 14-15 - સ્થાન - સૂર્યકેન્દ્ર નીચે મધ્યરેખા પર ૧'' દૂર આવેલ બિંદુ - સૂર્ય કેન્દ્ર પર આવેલ બિંદુ.**

**દાબબિંદુના ફાયદા :-** છાતીમાં ગુંગળામણ, તાણ-ચિંતા, Cardiac Pain, પરસેવો વળવો, Vomiting અને ગેસથી દુખાવામાં ફાયદો થાય છે.

**CV-18 - સ્થાન - સૂર્યકેન્દ્ર ઉપર ઉરોસ્થિની મધ્યમાં ૩'' ના અંતરે આવેલ બિંદુ.** આ દાબબિંદુ સ્તનોની ડીંટડીઓને જોડતી લાઈન પર ઉરોસ્થિના મધ્યભાગે આવેલ છે.

**દાબબિંદુના ફાયદા :-** પેરીકાર્ડિયમ ચેનલનો એલાર્મ બિંદુ છે. ફેફસાના રોગ, અસ્થમા, કફ, હૃદયને છાતીમાં દુખાવો.

**CV - 22 - સ્થાન - બંને જત્રુઓના છેડાઓની મધ્યમાં (Neck-Pit) ગરદન પણ આવેલ બિંદુ.**


**દાબબિંદુના ફાયદા :-** સુકો કફ, દમ, ગળાનો સોજો, શ્વાસનળીના સોજામાં દબાણ આપવાથી ફાયદો થાય છે.

૧૪ મેરીડિયનો વિષે સવિસ્તાર બતાવ્યુ હવે જે ૧૨ મહત્વના દાબબિંદુઓ આકૃતિ સાથે બતાવેલ છે તે મુખ્યત્વે બધા દર્દો સાથે Connect છે. તે બિંદુઓ મેરીડિયનોના માળખા સાથે અંદર સુધી જોડાયેલા છે એટલે આ બિંદુઓ પર આપેલ દબાણની અસર લાંબાગાળા સુધી થાય છે (Long Lasting) એટલે આ બિંદુ પ્રભાવશાળી છે. આ બિંદુઓ ક્યાં આવેલા છે તેનાથી શું ફાયદા થાય છે તે આકૃતિ સાથે નીચે જણાવેલ છે.

**HP - અથવા P - Heart Protector - હૃદયનું સંચાલન જાળવનારી મેરીડીયન HP-6 - સ્થાન - હથેળી બાજુ કાંડાના મધ્યભાગ કાંડાથી ૨'' ઉપરની બાજુ.**

**દાબબિંદુના ફાયદા :-** આ બિંદુ છાતીને પેટમાના ભરાવાને (Congestion) દૂર કરી મનને શાંત કરે છે. તે નિરાશા, ઉબકા, મુસાફરીની માદંગીને (Travel Sickness) દૂર કરવામાં મદદ કરે છે.

**Li - 4 - સ્થાન - અંગુઠો ને હાથની તર્જની આંગળી વચ્ચેના માંસલ (Web) પરનું બિંદુ.**



**દાબબિંદુના ફાયદા :–** આંતરડામાં મદદ કરે છે. ગેસ ઓછો કરે છે. ફેફસાને શરીરની સપાટી (Body Surface) પર પ્રાણશક્તિ (QI) લેવામાં મદદ કરે છે. તે માથાનો દુખાવો, દાંતનો દુખાવો, સાયનસનો દુખાવો, શરીરના ઉપરના ભાગમાંના દુખાવામાં ફાયદો કરે છે.

**સાવધાન :** ગર્ભાવસ્થા દરમિયાન ક્યારે પણ Li - 4 નો ઉપયોગ ન કરવો.


**SP - 6 (Spleen) બરોડ :– પગની અંદરની ઘૂંટીના હાડકા ઉપર ૪ આંગળી ઉપર ટિબિયાની પાછળ.** આ બિંદુ યકૃતને કીડની ચેનલો સાથે જોડાય છે. પગમાં 'યીન' ચેનલોને મજબુત કરે છે. તે પ્રાણશક્તિનો પ્રવાહ અને લોહીના પરિભ્રમણ અને ઉત્પાદનને ઉત્તેજીત કરે છે. નબળા પાચન, વંધ્યત્વ, અનિયમીત માસિક, બેકાબુ પેશાબ, ફીકાશ, અનિદ્રામાં આ દાબબિંદુ અગત્યનું કામ કરે છે.

**સાવધાન :–** ગર્ભાવસ્થા દરમિયાન ક્યારેય પણ SP-6 નો ઉપયોગ ન કરવો.

**GB 34 (પિત્તાશય મેરીડિયન) St-36 (જઠરની મેરીડિયન**

**Liv-3 (યકૃતની મેરીડિયન)**

**GB34 – સ્થાન – નળાસ્થિના ઉપરના છેડા નીચે બહારની બાજુ પર આવેલ બિંદુ.**




**દાબબિંદુના ફાયદા :–** આ સ્નાયુઓને Tendon Problem માટે મહત્ત્વનું બિંદુ છે. લીવરને લગતા બધા દર્દો, ગોઠણનો સોજો, કબજીયાતમાં ફાયદો થાય છે. લીવરને પિત્તાશયમાંથી ગરમી દૂર કરી શાંત કરે છે.

**St-36 – સ્થાન – ગોઠણની ઢાંકણીની નીચે ૨'' ના અંતરે આવેલ બિંદુ.**

**દાબબિંદુના ફાયદા :–** મંદ પાચન શક્તિ, નિરાશા, માથાનો દુખાવો, પગના દુખાવામાં ફાયદો કરે છે.


**Liv-3 – સ્થાન – અંગુઠાના મેટાટાર્સલ પર આવેલ છે.**

**દાબબિંદુના ફાયદા :–** આ બિંદુ પર દબાણ આપવાથી લીવરને પ્રાણશક્તિ પ્રવાહ (QI) ને લોહીને સરળતાથી વહેવામાં મદદ કરે છે. ને લીવરને લોહી સંગ્રહીત કરવામાં મદદ કરે છે. આધાશીશી, માસીકને લગતી તકલીફ, અનિદ્રા અને પાચનતંત્રને લગતી સમસ્યામાં રાહત થાય છે.

## CV -4 અને CV -6 (કન્સેપ્શન વેસલ)

**CV-4 – સ્થાન – પ્યુબીસ હાડકાના સાંધાથી ૪'' ઉપર નાભિ તરન આવેલ બિંદુ.**

**દાબબિંદુના ફાયદા :–** લીવર, બરોડ, કીડની કન્સેપ્શન વેસલ મેરીડિયનના આ દાબબિંદુ સાથે (Connect) સંલગ્ન છે. તે લોહીને ઉત્તેજીત કરે છે.



માસિકસ્ત્રાવને નિયંત્રીત કરે છે. શારીરિક અશક્તિ ને માસિકસ્ત્રાવ ને લગતી સમસ્યામાં રાહત આપે છે.

**CV - 6 – સ્થાન – નાભિ નીચે મધ્યરેખા પર ૨ '' ના અંતરે આવેલ બિંદુ.**

**દાબબિંદુના ફાયદા :–** પ્રાણશક્તિના પ્રવાહના પરિભ્રમણને નિયંત્રીત કરે છે. ભીનાશ દૂર કરે છે. (Remove Dampress) તે પ્રોસ્ટેટ ગ્રંથીની ગરબડ ને માસિકને લગતી તકલીફમાં રાહત આપે છે.

## GB - 20 (પિત્તાશયની મેરીડિયન)

## (પિત્તાશયની મેરીડિયન)

**સ્થાન – કાનની પાછળ ખોપરીના હાડકાની કિનારી પર આકૃતિમાં બતાવ્યા પ્રમાણે**

**દાબબિંદુના ફાયદા :–** ગેસ દૂર કરી લીવર વહેતા પ્રાણશક્તિના પ્રવાહને નિયંત્રીત કરે છે. માથામાં અટકાયેલા પ્રાણશક્તિના પ્રવાહનેફરીથી પ્રવાહિત કરે છે. તેનો ઉપયોગ માથાનો દુઃખાવો, શરદી, સાયનસનો દુખાવો, તાણ અને માથાનો દુખાવો, ગળાનો સોજો અને ગરદનની મચકોડમાં રાહત કરે છે.

## B 23 , B - 20, B-18 (Bladder) C

**B-23 – સ્થાન – લંબરના બીજા મણકાની બંને બાજુ** ૨ '' ના અંતરે આવેલ બિંદુ. આકૃતિમાં બતાવ્યા પ્રમાણે.

**દાબબિંદુના ફાયદા :–** આ બિંદુ કિડનીને મજબૂત કરે છે. જે 'યીન' ને 'યાંગ' ચેનલમાં પ્રાણશક્તિ પ્રવાહ આખા શરીરમાં વહે છે.


**B-20 – સ્થાન – પીઠના ૧૧ મા મણકાની બંને બાજુ ૨ '' ના અંતરે આવેલ બિંદુ.** આકૃતિમાં બતાવ્યા પ્રમાણે.


**દાબબિંદુના ફાયદા :–** આ બિંદુ બરોડ (Spleen) ને મજબૂત કરે છે. જે પ્રાણશક્તિને લોહીનું ઉત્પાદનનું મુખ્ય સ્ત્રોત છે. મોટા આંતરડાનો સોજો, માસિક ન આવવુ, પગમાં કળતર માં ફાયદો કરે છે.

**B-18 – સ્થાન – પીઠના ૯ મા મણકાની બંને બાજુ ૨ '' ના અંતરે આકૃતિમાં બતાવ્યા પ્રમાણે.**

**દાબબિંદુના ફાયદા :–** આ બિંદુ લીવરના પીઠમાં આવેલ એલર્ામ બિંદુ છે. તેના પર દબાણ આપવાથી લીવરમાં સ્થીર થયેલા પ્રાણશક્તિના પ્રવાહને ફરીથી પ્રવાહીત કરે છે. લોહીના પરિભ્રમણને સરળ કરે છે.

આ લેખ માટે કોઈને વધુ જાણકારી જોઈતી હોય તો જ્યોતિપૂંજના તંત્રીનો સંપર્ક કરવો.



# SHREE VADASINOR DASHANIMA VIDHYOTTEJAK MANDAL

BALKRISHNA KRUPA, 1st FLOOR
45/49, Babu Genu Road, Off: Kalbadevi Road, Mumbai-400 002

TO ALL MEMBERS

05 November 2020

Shree Vadasinor Dashanima Vidhyottejak Mandal

**NOTICE OF 96TH ANNUAL GENERAL MEETING**

Notice is hereby given that the 96th Annual General Meeting of the Members of Shree Vadasinor Dashanima Vidhyottejak Mandal will be held on Thursday, the 24th December 2020 at 6.30 P.M at Shree Balasinor Pragati Samaj Office Hall / Mumbai - 400 002 / Virtually to transact the business as per the Agenda.

Shri Asit Rameshchandra Desai (Menpurawala), the President of the Mandal will preside over the Chair.

**AGENDA**

1. To read and confirm the minutes of 95th Annual General Meeting held on 1st September 2019 and to pass the necessary Resolution thereof.
2. To receive and adopt the Managing Committee's report for the Year 2019-2020 and to pass the necessary Resolution thereof.
3. To receive, consider and adopt the Audited Balance Sheet and Income & Expenditure Accounts of the Mandal for the Year ended on 31st March 2020 and to pass the necessary Resolution thereof.
4. To appoint Auditor for the financial year 2020-2021, to hold office from the conclusion of this Meeting until the conclusion of the next Annual General Meeting of the Mandal and to fix and pay his remuneration and to pass the necessary Resolution thereof.
5. To discuss and decide methodology of Election of five (5)Members of the Managing Committee and A President for next term due to the outbreak of pandemic, Covid-19 and to pass the necessary Resolution thereof.
6. Address by the President.
7. Vote of thanks.

**NOTES**

1. Members have the right to information pertaining to the Accounts and or other information related to the working of the Mandal; subject to their written queries to the Hon. Secretaries on or before 8th December 2020.
2. **Due to outbreak of pandemic, Covid-19, felicitation of Donors, Talent Appreciation, Vadsol Karmavir, and distribution of Educational Prizes stands cancelled.**

**Jasmine Bipin Sheth**
M : 9820830060

**Dharmesh Jayantilal Shah**
M : 9820341371

(Hon. Secretaries)

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ તથા બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ

## શૈક્ષણિક સહાય અંગેના અરજીપત્રક મેળવવા અંગે જરૂરી માર્ગદર્શન

ઉપરોક્ત મંડળ/ટ્રસ્ટ સંચાલિત પ્રવૃત્તિના અનુસંધાનમાં ચાલુ વર્ષ (૨૦૨૦-૨૦૨૧) ના શૈક્ષણિક સહાય લેવા ઈચ્છુક વિદ્યાર્થી મિત્રોએ નીચે જણાવેલ મોબાઈલ નંબર પર વોટ્સ એપ દ્વારા પોતાનું ઈમેલ આઈડી આપવાનું રહેશે. તમામ ઈમેલ પર તમને અરજીપત્રક મોકલવામાં આવશે. તે અરજીપત્રકને સંપૂર્ણ વિગતો ભરી તમારા ડેસ્કટોપ પર સેવ કરીને નીચે જણાવેલ ઈમેલ પર મોકલવાનું રહેશે. હાલની પરીસ્થીતીને અનુલક્ષીને મંજુર થયેલી સહાયની રકમ તમારા બેંક ખાતામાં જમા કરવામાં આવશે. તે હેતુ વિદ્યાર્થી મિત્રોએ પોતાના બેંક ખાતાનો એક કેંસલ ચેક અમોને નામ લખીને વોટ્સ અપ દ્વારા મોકલવો અનીવાર્ય છે. અપુર્ણ વિગતો ભરેલ અરજીપત્રક રદ્દબાતલ ગણાશે. મુંબઈ શહેર ખાતે રહેનાર વિદ્યાર્થી મિત્રો અનુકુળતા પ્રમાણે નીચે જણાવેલ સરનામે થી અરજીપત્રક તથા સહાયની રકમ પ્રાપ્ત કરી શકશે.

**વોટ્સ એપ નંબર જસ્મિનભાઈ શેઠ - ૯૮૨૦૮૩૦૦૬૦ તથા મંજુલભાઈ ધારિયા - ૯૮૨૦૧૩૫૦૧૪**

**સંસ્થાનું ઈમેલ આઈડી : vidhyotejjaktrust@gmail.com**

**-: અરજી પત્રક સંપૂર્ણ વિગતો ભરીને પાછા આપવાનું સ્થળ :-**

૧) **શ્રી જગદીશ શાંતિલાલ પરીખ (જુનાગઢવાલા)** : બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળી લી. ગણેશ કૃપા, સિક્કા નગર, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪. **સમય :** સોમવાર થી શનિવાર બપોરે ૩ થી ૫.૦ કલાક દરમ્યાન.

૨) **શ્રી કીર્તિભાઈ હીરાલાલ કડકીઆ (લટકારી)** : શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, બાલકૃષ્ણ કૃપા, ૧ લે માળે, ૪૫/૪૭ બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨. **સમય :** સોમવાર થી શનિવાર બપોરે ૨ થી ૪ કલાક દરમ્યાન.

**મંજૂર થયેલ શૈક્ષણિક સહાયનો ચેક મેળવવાનું સ્થળ :**

૧) **શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ** : શ્રીપતી આર્કેડ, ૨૩ માં માળે, એ.કે. માર્ગ, નાનાચોક, મુંબઈ - ૪૦૦૦૩૬. **સમય :** સોમવાર થી શનિવાર બપોરે ૩ થી ૫ કલાક દરમ્યાન.

ઉપયુક્ત પ્રવૃત્તિ અંગેની વધુ માહિતી માટે મંડળના માનદ્ મંત્રીઓનો સંપર્ક સાધવો.

**માનદ્ મંત્રીઓ**

**શ્રી જસ્મીન બીપીન શેઠ – ૯૮૨૦૮૩૦૦૬૦** **શ્રી ધર્મેશ જયંતીલાલ શાહ – ૯૮૨૦૩૪૧૩૭૧**

---

## સખાવતિ દાતા શ્રીઓ તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી

- શ્રીમતી સુશિલાબેન ભીખાલાલ કડકીઆ (વલ્લભઘેલા) હસ્તે નિશાબેન હર્ષદભાઈ કડકીઆ (વલ્લભઘેલા) રૂા. ૧,૦૦,૦૦૦/-

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારોનો આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુ ને પ્રાર્થના કરે છે.

કારોબારી સમિતિ વતિ

**માનદ્ મંત્રીઓ : શ્રી જસ્મીન બીપીન શેઠ – શ્રી ધર્મેશ જયંતીલાલ શાહ**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં માહે સપ્ટેમ્બર ૨૦૨૦ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

મેડીકલ, ગાયનેક, સર્જીકલ, આંખ, માનસિક, સોનોગ્રાફી મોબાઈલ તેમજ ઈમરજન્સીમાં કુલ ૨૬૧૫ દર્દીઓએ, એક્ષ રે વિભાગમાં ૧૭૩ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૭૨૪ દર્દીઓએ લાભ લીધેલ છે. મેજર ઓપરેશન ૧૦૬ તથા માઈનોર ૬૯ ઓપરેશનો કરવામાં આવેલ છે. તેમજ રૂા. ૨,૭૬,૭૧૫/- ની માફી કરવામાં આવેલ છે.

કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટરમાં સપ્ટેમ્બર ૨૦૨૦ના માસ દરમ્યાન ફીજીશીયન, ઈએનટી, ઓર્થો, સ્કીમ, ડેન્ટલ તેમજ ગેસ્ટ્રોલોજીના મળી કુલ ૧૨૬૭ દર્દીઓએ તથા એક્ષ રે વિભાગમાં ૧૮૫ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં ૩૬ દર્દીઓએ લાભ લીધેલ છે. તેમજ રૂા. ૬૧૮૨/- ની માફી કરવામાં આવેલ છે.

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાલેય દાન :-**

(૧) શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કોલકત્તાવાળા) તરફથી તેઓશ્રીના ધર્મપત્નિ સ્વ. સુભદ્રાબેન નવીનચંદ્ર શાહની સ્મૃતિમાં નવનિર્મિત એ.એન.એમ. નર્સીંગ સ્કુલ તથા બી.એસ.સી. નર્સીંગ કોલેજના નામકરણ માટે રૂા. ૧ કરોડ (અંકે રૂપિયા એક કરોડ) ના માતબર દાનનું વચન મળેલ છે. દાતાશ્રી તરફથી સંસ્થાને દાનનો અવિરત પ્રવાહ વહેવડાવવા બદલ સંસ્થા દાતાશ્રીનો હૃદયપૂર્વક આભાર માને છે. શ્રી કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ સંચાલિત ‘શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ બી.એસ.સી. નર્સીંગ કોલેજ તથા એ.એન.એમ. નર્સીંગ સ્કુલ નું ગર્વમેન્ટ ઓફ ગુજરાત, હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર ડીપાર્ટમેન્ટ, સચિવાલય, ગાંધીનગરનું એસેન્શીયાલીટી સર્ટીફીકેટ મળી ગયેલ છે. સદર નર્સીંગ કોલેજ તેમજ નર્સીંગ સ્કુલ ચલાવવા માટે શ્રી બાલાસિનોર વિદ્યા મંડળ તરફથી કોલેજ કેમ્પસમાં આપણે બિલ્ડીંગની સુવિધા આપવામાં આવેલ છે. ટૂંક સમયમાં સદર નર્સીંગ સ્કુલ તથા નર્સીંગ કોલેજ શરૂ થશે. દાતાશ્રીના આ માતબર દાનથી નવનિર્મિત નર્સીંગ કોલેજ તથા સ્કુલનો બાલાસિનોર તાલુકાની તેમજ આજુબાજુના તાલુકાઓની જાહેર જનતાને લાભ મળશે.

(૨) એક અનામી દાતા તરફથી રૂા. ૨૫ લાખનું માતબર દાનવચન મળેલ છે. સંસ્થા દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર માને છે.

(૩) શ્રીમતી શોભનાબેન તથા દિલીપભાઈ મોહનલાલ શાહ (વસનજી) તરફથી તેઓશ્રીના માતુશ્રી તથા પિતાશ્રી મણીબેન અને મોહનલાલ લલ્લુભાઈ શાહ (વસનજી) તથા શોભનાબેનના માતુશ્રી તથા પિતાશ્રી રમતીબેન તથા રમણલાલ કડકીઆ (ટોકરશી)ની સ્મતિમાં ઈકો કેમ્પના નામકરણ માટે રૂા. ૧૦ (રૂપિલા દસ) લાખનું દાનવચન મળેલ છે. આ દાન ગરીબ દર્દીઓની સહાય માટે મળેલ છે. સંસ્થા દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર માને છે.

(૪) સ્વ. કુસુમબેન કિર્તનલાલ પારેખની સ્મૃતિમાં હસ્તે શ્રી નિલેષ કિર્તનલાલ પારેખ તરફથી રૂપિયા પાંચ લાખનું માતબર દાન આંખમાંથી છારી કાઢવાના કેમ્પના નામકરણ માટે મળેલ છે. સંસ્થા દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર માને છે.

ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં રૂા. ૧૧,૦૦૦/- નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા દાતાશ્રીઓને વિનંતી.

કે.એમ.જી. જનરલ ટ્રસ્ટમાં રૂા. ૫,૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા માટે વિનંતી.

**માનદ્ મંત્રીશ્રીઓ – શ્રી નિતીન પરીખ, શ્રી પરેશ પરીખ**

## પ્રકીર્ણ વિભાગ

### મૃત્યુ નોંધ


| | વર્ષ |
|---|---|
| ✤ જીનેશ અશિત પરીખ (રોકડીયા) | ૩૨ |
| ✤ ભારતીબેન અજીત ધારીઆ | ૭૦ |
| ✤ શૈલેષ બાબુલાલ પરીખ (રોકડીયા) (વડોદરા) | ૬૫ |
| ✤ સુશિલાબેન ભીખાલાલ કડકીઆ (વલ્લભઘેલા) | ૯૪ |
| ✤ મુકેશ કિર્તનલાલ શાહ (મેવાડા) | ૬૫ |
| ✤ દિનકરલાલ રમણલાલ કડકીઆ (ધરીવાલા) | ૮૪ |
| ✤ હિનાબેન લલિત દેસાઈ (ઈન્દોર) | ૬૫ |
| ✤ પરિન્દ્ર રસીકલાલ કડકીઆ (મરઘા) | ૬૨ |
| ✤ ડૉ. રાકેશ ગોપાલદાસ શાહ (ગુંથલીવાળા) | ૫૭ |
| ✤ મયંક નવનીતલાલ મહેતા | ૬૫ |
| ✤ મીના બિપીન શેઠ (અત્તરવાળા) | ૭૪ |
| ✤ સુરેખાબેન શરદભાઈ કડકીઆ (ટોકરસી) | ૭૭ |
| ✤ અજીતભાઈ નવનીતલાલ કડકીઆ (સારંગી) | ૭૦ |
| ✤ પંકજ નટવરલાલ કડકીઆ (હાલોલવાળા) | ૭૧ |
| ✤ રસીકલાલ સાંકરલાલ કડકીઆ | ૯૪ |
| ✤ મંજુલાબેન નવનીતલાલ શાહ (સેવક) | ૯૨ |

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

Authorised Distributors

# POLYCAB
WIRES & CABLES



- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA +91 9769025153**

## PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

WPP License No. MR/TECH/WPP-147/South/2018-20
Publishing day 20th of every month
Regd.No.MCS / 050 / 2018 - 20
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month



ANUKOOL selections

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH
RASESH PAREKH

Anukool Selections, 542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.
Contact: 2361 2848 - 2369 4166, E: anukoolselections@gmail.com,
www.anukoolselections.com

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh &
Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.